# ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| 'મા' સર્વેશ્વરી અહોભાવ નહિ, ભાવ ચાહે છે. | પ્રો. તરલા દેસાઈ | ૧૧ |
| મુંબઈના આંગણે શ્રી શ્રી મા | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૧૭ |
| વિશેષતાને વંદન | સુશીલાબેન ભક્ત | ૨૩ |
| પ્રણામ પૂજા | ટોરન્ટો કેનેડા | ૨૭ |
| About MAA and My Experiences With MAA | Ruta Sutariya | ૨૯ |
| પૂ. મા અને પૂ. મા સાથેના મારા અનુભવો | ઋતા સુતરિયા | ૩૩ |
| સ્વર્ગારોહણ તીર્થભૂમિપર અનાજ અને વસ્ત્ર સહાય યજ્ઞ | સેવક રાજેન્દ્ર જાની | ૩૭ |
| સ્વર્ગારોણમાં પૂ. માના જન્મદિવસની ઉજવણી | ડો. બી. જે. જાગાણી | ૪૪ |


✿

## ❀ પ્રભુનો આશ્રય ❀

જેમ બલવાન પુરુષના આશ્રયવડે કોઈ મહાન અપરાધ કરનારો પણ તે અપરાધના ફલથી નિર્ભય થાય છે તેમ અજ્ઞાનકાલમાં અતિભયંકર પાપો કરીને પણ જે પરમાત્માના આશ્રયથી ક્ષણવારમાં ભક્તજનોવડે તે પાપોનું અતિક્રમણ કરાય છે, અર્થાત્ પ્રલયકાલના અગ્નિની પેઠે જે ક્ષણવારમાં અનન્યભાવથી શરણે આવેલા મનુષ્યનાં મોટાં પાપોને બાળી નાંખે છે એવા પરમોપકારક પરમાત્માનો હે અજ્ઞાની જીવો! તમે વિશુદ્ધભાવથી ચિત્તને એકાગ્ર રાખી શા માટે આશ્રય કરતા નથી? **—મહારાજ શ્રીનથુરામશર્મા**

# ❋ અભિનંદનીય સહાય ❋

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશ-ભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું 'અધ્યાત્મ' માસિક અમને ૨૫ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ ડીસેમ્બર–૨૦૦૪ અંક ૩

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૫–૧૧–૮૧ ગુરુવાર, કારતક સુદ આઠમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : ટોરન્ટો–કેનેડા.**

સવારે પૂ. શ્રી સ્નાન, વ્યાયામ, મંત્રજપ, દૂધ પીવું ને લેખન-કાર્ય કરવું, એ સૌ ક્રમ નિયમિત રીતે જાળવે છે. સર્વેશ્વરી પણ પોતાની ૧૨૫ માળા, શબરી ને નાવિકના પ્રસંગનો રામાયણ પાઠ, ગીતાપાઠ, યોગેશ્વર બાવની વગેરે નિયમ પ્રમાણે કરે છે.

આજે દાળઢોકળીનું ભોજન પૂ. શ્રી લે છે. તે પહેલાં મુકુટ-રામ મહારાજના જીવનચરિત્રના એક—બે પ્રસંગો સર્વેશ્વરીને કહે છે. વળી કહે છે, 'મહાપુરુષો કેવા કેવા થઈ ગયા! તેમનાં જીવન કેવાં પ્રેરક હતાં તેનો ખ્યાલ આવે છે. આપણે પણ જીવનમાં સાધના કરીને લોકો માટે પ્રેરણા પૂરી પાડવી છે, એ હંમેશાં યાદ રાખવું જોઈએ. કેવી કેવી સિદ્ધિઓ હતી તે જાણવા મળે છે. જ્ઞાનનાં પુસ્તકો વાંચવા કરતાં આવા અનુભવી મહા-પુરુષોના જીવન પ્રસંગો વાંચવાના ચાલુ જ રાખવા જોઈએ, જેથી

સતત પ્રેરણા મળતી રહે.' પૂ. શ્રી, મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચીને પ્રેરણા મેળવવાની છે એ વાત સર્વેશ્વરીને સમજાવે છે.

ભોજન બાદ આરામ ને લેખન શરૂ થાય છે. આજે અશોકભાઈના આયોજન હેઠળ દૂર પ્રવચન ગોઠવાયું હતું. એટલે ત્યાં જવા તૈયાર થયા. ત્યાં જ શ્રી અશોકભાઈના ભાઈ અજિતભાઈનો ફોન આવ્યો કે, પૂ. શ્રીના ચરણારવિંદની કુમકુમ તિલકથી સ્મૃતિરૂપે તસ્વીર લેવી છે. પૂ. શ્રીએ કહ્યું, 'કંકુવાળાં પગલાં મહાપુરુષોનાં લે એવું જાણ્યું નથી. મને તો એ રીત જ ગમતી નથી. સંતો કે મહાપુરુષોની લાકડાની પાદુકા રાખે છે પણ અહીં તો તે વસ્તુ મળે પણ નહીં. વળી તમારી ભાવના છે તો ફોટો રાખજો. જેથી ચરણ કે પાદુકા કરતાં પણ જો વાત કરતાં આવડે તો ફોટો જ તમારી સાથે વાતો કરશે.' શ્રી અજિતભાઈએ પૂ. શ્રીની વાત માન્ય રાખીને પોતાની પૂ. શ્રીના ચરણારવિંદની કુમકુમવાળી છાપ લેવાની ભાવનાને શાંત કરી દીધી.

ગઈ રાત્રે અહીંના સામાજિક કાર્યકર્તા શ્રી રતિભાઈ લાખાણીનો દિવાળીનો કાર્ડ પૂ. શ્રી ઉપર આવ્યો. એ ભાઈએ પૂ. શ્રીનું અત્યાર સુધી એક જ પ્રવચન સાંભળ્યું છે અને પ્રથમવાર ખાસ પરિચય વિના પૂ. શ્રીનો ટી. વી. કાર્યક્રમ ગોઠવવાની કાર્યવાહી એમણે જ ઉપાડી હતી.

અભિનંદનનો કાર્ડ મળ્યો એટલે શ્રી સુરેશભાઈ શાહને પૂ. શ્રીએ કહ્યું કે, 'લાખાણીને ફોનથી કાર્ડ મળવાનો ને શુભેચ્છાનો સંદેશો પહોંચાડો.' જેથી શ્રી સુરેશભાઈ શાહે ફોન ઉપર એ વાત કરી. તેમણે પૂ. શ્રી સાથે વાત કરવાની ઇચ્છા દર્શાવી. તેમણે પૂ. શ્રી સાથેની વાતચીતમાં જણાવ્યું કે, 'આપ તો ખૂબ મહાન છો. કેનેડામાં તમને કોણ ઓળખી શકે? અમારે તમારી સેવા જેવી કરવી જોઈએ તેવી કરી શક્યા નથી.' વાતો પૂરી થઈ.

આ દેશમાં પૂ. શ્રીનો પ્રથમ વાર જ પરિચય શ્રી લાખાણીને થયો. એ જ રીતે શ્રી સુરેશભાઈ પરીખ પણ પૂ. શ્રીના પરિચયમાં આવનાર પ્રથમ વ્યક્તિ છે. શ્રી પરીખે આજે સર્વેશ્વરીને જણાવ્યું કે, 'મા, પ્રભુના પવિત્ર પરમાણુઓનો મારા શરીરમાં આખી રાત સચવાઈ રહે તે માટે હું રાત્રે સ્નાન કરતો નથી. સવારે કરું છું. નહીં તો વરસોથી હું રાત્રે જ સ્નાન કરું છું.'



વળી ગઈ કાલે સાડીના પૈસા પ્રભુએ આગ્રહ કરીને આપ્યા તે મારી પાસે જ પ્રસાદીરૂપે રાખીશ. દુકાનમાં સાડી માટે બીજા પૈસા આપીશ, પણ પ્રભુના હાથની તે નોટ મારી પાસે જ પ્રસાદીરૂપે રાખીશ.

પ્રવચન પહેલાં એક બેને ભજન ગવડાવ્યું. તે બેન નિયમિત પ્રવચનમાં આવે છે ને દરરોજ ભજન ગવડાવે છે. આજે તે બેન પૂ. શ્રીને ભજન પોતે ગાયું તેનો અર્થ પૂછે છે. પૂ. શ્રી તે બેનને સમજાવે છે. આજના પ્રવચનમાં પૂ. શ્રીએ ધ્યાનની વાતો કરી. 'મંગલ મંદિર ખોલો'ની સમજ આપી. થોડીવાર સૌને ધ્યાનમાં પણ બેસાડ્યા. પ્રવચન બાદ સર્વેશ્વરીને ભજનો ગાવાની પૂ. શ્રીએ સૂચના કરી જેથી બે ભજનો ગવાયાં. વળી શ્રી અશોકભાઈએ સર્વેશ્વરી 'વરદ હસ્ત' ગાય એવી માંગણી કરી જેથી સર્વેશ્વરી 'વરદ હસ્ત' ગાય છે. કાર્યક્રમ પૂર્ણ થતાં આરતી થઈ. જે મંજૂસરમાં ગવાય છે. 'ૐ જય આનંદ મૂર્તિ, પ્રભુ જય આનંદ મૂર્તિ' ૐ સત્યધર્મ પરમાણે અનુભવની આરતી ૐ.''

આરતી બાદ પૂ. શ્રી દૂધ લે છે. સૌને રસગુલ્લાં, બરફી ને કેળાંનો પ્રસાદ આપવામાં આવે છે. પૂ. શ્રી તથા સર્વેશ્વરીને પણ દૂધ ને પ્રસાદ પ્રથમ આપવામાં આવે છે. પણ પૂ. શ્રી તે પૈકી દૂધ જ લે છે. આજે ફોટાઓ લેવામાં આવે છે. વળી પૂ. શ્રીએ લખેલી નવી આરતી, 'હું તો આરતી ઉતારુ અવધૂતની રે, અવધૂતની રંગઅવધૂતની રે...' સર્વેશ્વરી ગાઈ સંભળાવે

છે. આરતી બાદ સૌ છૂટા પડે છે. ઘરે આવતાં ૧૧.૦૦ વાગી જાય છે. આરામ. હરિઃ ૐ

**તા. ૬—૧૧—૮૧ શુક્રવાર, કારતક સુદ નોમ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : ટોરન્ટો—કેનેડા.**

આજે સવારે નિયમ પ્રમાણે કાર્યક્રમ રહ્યો. ભોજનમાં મગ, ભાત ને સુખડી બનાવી. ચાલુ ભોજને પૂ. શ્રીએ વાતો કરતાં કહ્યું, 'માતાજીને સુખડી ખૂબ ભાવતી. પ્રભુને ભજનારા કાચા, પાકા, અધકચરા ભક્તોને કોઇ તકલીફ રહેતી નથી. દુનિયા જેને તકલીફ ગણે તેવી બહારની તકલીફ ખાવાની, રહેવાની લાગે પણ તે ભક્તને તેનું દુઃખ ન હોય.' ભોજન બાદ આરામ કર્યો. સર્વેશ્વરી ડાયરી લખે છે.

આજે સાંજે પ્રવચનનો કાર્યક્રમ નથી. પણ દસ—બાર ભાઇ-બેનો પૂ. શ્રીના દર્શનાર્થે આવે છે, ત્યારે સર્વેશ્વરી પાસે સૌએ ભજન ગવડાવવાની માગણી કરી. એના જવાબમાં સર્વેશ્વરીએ પોતાના બે અનુભવો, અન્ય બેનની માગણીરૂપે કહ્યા. વળી પૂ. શ્રી પાસે રામાયણ કવિતામાં સાંભળવાની ઇચ્છા વ્યક્ત થઇ, જેથી પૂ. શ્રીએ અયોધ્યામાં શ્રીરામના લગ્નની વાતનો પ્રસંગ ગાયો ને ગવડાવ્યો. શ્રી સુરેશભાઇ પરીખે કહ્યું, 'પ્રભુ આજે અમને કંઇ ઉપદેશ આપો.' પૂ. શ્રી કહે, 'પવિત્ર જીવન જીવો ને પ્રભુસ્મરણ કરો.'

પૂ. શ્રીએ બે ભજનો, ''આ જીવનના પુણ્ય પ્રવાસે'' અને ''પોતાના પ્રિયને પરિત્યાગે, તે પરમપ્રિયને પ્રાપ્ત કરે,'' તે ગવડાવ્યાં.'' સૌએ પ્રણામ કરી વિદાય લીધી. પૂ. શ્રીએ દૂધ લઇને આરામ કર્યો. હરિઃ ૐ.

**તા. ૭—૧૧—૮૧ શનિવાર, કારતક સુદ દસમ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : ટોરન્ટોથી લોસ એંજલસ, અમેરિકા.**

આજે સવારે પૂ. શ્રી પોતાનો ક્રમ સમયસર પૂર્ણ કરે છે.



પૂ. શ્રી સાડા અગિયાર વાગ્યે લેખન કરી નીચે આવે છે.

સુરેશભાઇ ને વિમળાબેન ફરીથી પૂ. શ્રીના શ્રી ચરણોમાં પ્રણામ કરી પૈસાનાં કવરો ધરે છે. સર્વેશ્વરીને પણ પ્રણામ કરી પૈસાનું કવર ને જન્મદિન મુબારકનો કાર્ડ ધરે છે. સર્વેશ્વરી કાર્ડ સ્વીકારે છે ને પૈસાનું કવર ફરી આગ્રહપૂર્વક વિમળાબેનને આપી દે છે. પૂ. શ્રી પણ એમના કવરમાંથી ફક્ત ૧ જ ડોલર લે છે ને કહે છે :

''આપે નવા વરસે તો આપ્યું, ને આટલી બધી સેવા કરો છો. અમારે તો ભર્યા ભંડાર છે. પ્રભુની કૃપા છે. એટલે તમારા આગ્રહને જોઇ ૧ ડોલર લઉં છું.''

શ્રી વિમળાબેનની આંખમાં આંસુ આવી ગયાં. પૂ. શ્રીને હાથ જોડીને વિનંતિ કરે છે, 'પ્રભુ અમે જે કામ કરીએ છીએ તેમાંથી આપને ચરણે કંઇક તો ધરીએ ને! પ્રભુ આટલી વાત સ્વીકારો.'

સુરેશભાઇ, વિમળાબેનનો પ્રેમભાવ અનન્ય છે. પૂ. શ્રીએ તેમની સાથે થોડી વાતો કરી, જેમાં માતાજીની માંદગીની વાતો પણ આવી.

સર્વેશ્વરી આજે મગ, ભાત, શીરો બનાવે છે. પૂ. શ્રી ફક્ત શીરો લે છે. આજે ફરીથી નીચેના ભાગમાં નીચે બેસીને સુરેશ-ભાઇ શાહ, સુરેશભાઇ પરીખ ને વિમળાબેન સાથે ભોજન લેવાનું બને છે. ભોજન બાદ થોડા ફોટા લેવામાં આવે છે. ત્યાર બાદ પૂ. શ્રી પોતાની બેઠક ઉપર બેસે છે. તે પહેલાં ઉપરના ઓરડામાં પૂ. શ્રી સાથે મુવી ફિલ્મ લેવામાં આવે છે.

નીચે સૌ ભાવિક ભાઇબેનોથી બેઠકરૂમ ભરાઇ જાય છે. આજે પૂ. શ્રીની આરતી ઉતારવામાં આવે છે. ત્યાર બાદ ફૂલ-હારની વિધિ, પ્રણામની વિધિ પૂરી થાય છે. પૂ. શ્રી પાસે એક ભજન સુરેશભાઇ શાહ ગવડાવે છે. 'જેણે તારો રાહ છે

ઝાલ્યો.' એ શબ્દો હતા. સર્વેશ્વરી 'વરદ હસ્ત' વળી 'હે જ્ઞાનેશ્વર, હે ધ્યાનેશ્વર' ધૂન ગવડાવે છે. ફરી સૌ પ્રણામ કરે છે, અને એ ઘરમાંથી વિદાય લેવાનું બને છે. ફરીથી પ્રણામ કરતાં સૌના હૈયાં ગદ્‌ગદ બને છે. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે અહીં રહેવાનું બન્યું.

સમયસર એરપોર્ટ ઉપર આવવા માટે ૩.૦૦ વાગ્યે નીકળી ગયા. સામાન વગેરે ચેક કરાવી દીધું. અહીં જ કસ્ટમ પસાર કરવાનું હોય છે. હાથમાં રાખવામાં આવેલી થેલીઓ ઉપર ઉડતી નજર નાંખવામાં આવી. અમેરિકન એરલાઈન્સ, ૨૬૦ નંબરનું વિમાન હતું. જેનો ઉપડવાનો સમય ૪.૨૦ નો હતો. સીટ નંબર ૧૪—એ અને ૧૪—સી આવે છે. સૌ સ્નેહીઓની ફરીથી વિદાય લીધી. શ્રી સુરેશભાઈ પરીખની ઈચ્છા પૂ. શ્રીને ન્યૂ યોર્ક સુધી મૂકવા આવવાની હતી, પણ ન્યૂ યોર્કમાં શ્રી વિનોદભાઈ પૂ. શ્રીને લેવા આવનાર હતા જેથી એ વિચાર બંધ રહ્યો. (અપૂર્ણ)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# 'મા' સર્વેશ્વરી અહોભાવ નહિ, ભાવ ચાહે છે.

પ્રો. તરલા દેસાઈ

'મા' સર્વેશ્વરી માટે અહોભાવ થવો સહજ છે, સ્વાભાવિક છે.

વર્ષો પહેલાં જેને 'સદ્‌ગુરુપદે' સ્થાપી એમનામાં જ 'શ્રી પ્રભુસ્વરૂપ' નિહાળી, એમને જ જગત સમક્ષ પૂર્ણરૂપે પ્રગટ કરવા જે 'મા' આજે પણ પ્રત્યેક પળે મથી રહ્યાં છે. સ્વયં એમણે જ પ. પૂ. યોગેશ્વરજીએ જ 'મા'ને એકવાર નહિ, અનેકવાર—વારંવાર, જ્યારે પણ તક મળી છે ત્યારે 'જગદંબા' તરીકે સંબોધ્યાં છે, સન્માન્યાં છે, જગતને શીખ દીધી છે. એ સર્વેશ્વરી સામાન્ય નથી. 'મા' સર્વેશ્વરી સ્ત્રી નથી, પુરુષ નથી. ચૈતન્યસ્વરૂપા છે. કઠોર સાધનામાં રત 'મા' સ્વયંસિદ્ધા છે, એમને કોઈ સાધનાની આવશ્યકતા નથી, જનમોથી એ સાધના કરતાં આવ્યાં છે. ફક્ત કળિકાળના લોકોને દાખલો પૂરો પાડવા તે પાર્વતી શું કઠિન તપ ધારી રહ્યાં છે.

'મા'નાં બાલસખી, સર્વકાલનાં સાક્ષી દમયંતીબહેન 'મા'ને પાર્વતી સાથે પણ સરખાવવા યોગ્ય રીતે જ ના પાડે છે. કેમ કે પાર્વતીએ તો વનમાં તપ કરેલું, શિવપ્રાપ્તિઅર્થે તપ કરેલું, જ્યારે પૂ. મા જનતાજનાર્દનની મધ્યે રહી, પ્રગટ રીતે તપ કરી રહ્યાં છે. એટલું જ નહિ, શિવ પ્રાપ્તકરી લીધા પછી પણ પ્રત્યેક ક્ષણે સાધના વધારે ને વધારે તીવ્ર—તીક્ષ્ણ કરી રહ્યાં છે. 'મા'નાં ઉપવાસ, વ્રત—તપ—જપ—જાપ, પ્રાર્થના, પ્રણામ, અનુષ્ઠાન, માળા બધું જ પારદર્શક, નરી આંખે સૌ કોઈ જોઈ શકે એમ છે.

વિવેકાનંદ હોસ્પિટલમાં પૂજ્યશ્રી યોગેશ્વરજીને હૃદયનો હુમલો આવતાં એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના જેમણે શાળામાં રાજીનામું મોકલી દીધું, ગૃહત્યાગનો—સંસારત્યાગનો નિર્ણય જણાવતો પત્ર પિતાને લખી દીધો અને પૂજ્યશ્રીની સેવાકાજ સદાનો સમર્પણભાવ ધારી દીધો. એ પૂ. 'મા'ના જીવનપ્રસંગની તોલે ગૌતમબુદ્ધનો મહાભિનિષ્ક્રમણ પ્રસંગ તોલી જુઓ.

—જોજો. અરુણાચલ પર્વતની વિરુપાક્ષી ગુફામાં વિરુપાક્ષદેવની આરતી ઉતારતા પૂજારી અચાનક નિમિલિત નેત્રા (ધ્યાનસ્થ) 'મા'ની આરતી ઉતારવા માંડે અને તે પણ ખાસ્સી ૨૦—૨૫ મિનિટ. એ પ્રસંગ નાનાસૂના વિસ્મયની વાત નથી.

ઇન્દિરાબેટીજી જેને હાથ પકડીને ઊર્ધ્વાસન ગ્રહણ કરવા વિજ્ઞપ્તિ કરે એ 'મા' અસાધારણ વિભૂતિ છે એમાં શંકાને સ્થાન ક્યાં?

સ્વયં શિવજીએ જેમને દર્શન આપ્યાં. પૂ. શ્રી યોગેશ્વરજી સતત જેમની સંનિધિમાં રહે છે, અનેકવાર પ્રભુવાણી શ્રવણ પ્રકાશદર્શનના જેમને અનુભવ છે.

અરે, જેમના જન્મના તેરમા દિને જે જીવને મૃત્યુ માટેની વાટખર્ચી આપી દેવામાં આવેલી. એ જીવમાં પરમ શક્તિએ પુનઃ પ્રાણ સંચારિત કર્યો. એની અને પૂજ્યશ્રી સદ્‌ગુરુની ક્રીડાસ્થલિ બની, આજ સુધી અગણિત લીલાઓ જે કરી રહ્યાં છે. જગત્કલ્યાણ, જીવમાત્ર માટે અનુકંપા, સચરાચર સૃષ્ટિનું રખોપું કરવાનું પરમેશ્વરે જેમને પ્રેમશ્રદ્ધાથી સોંપ્યું છે અને પરમ પ્રેમથી જે નિભાવી રહ્યાં છે એ પૂજ્ય 'મા' સર્વેશ્વરી માટે એમના યત્‌કિંચિત્ પણ પરિચયમાં આવેલાને અહોભાવ ન થાય એવી શક્યતા જ નથી.



વળી આ સર્વેશ્વરી—પરમેશ્વરી પરમ વિભૂતિની આગળ 'વિશેષણ' 'મા'નું છે, એટલે એમનાં દર્શન 'સુલભ' છે. પાત્રતા—યોગ્યતા—અધિકારની કોઈ ગડમથલ નહિ. એમના પ્રેમનું પ્રત્યેક બાળક અધિકારી થઈ રહે છે.

પરિણામે આપણા હૃદયમાં 'સર્વેશ્વરી' માટે અહોભાવ રહે છે પણ એ 'માતૃપદે' હોવાથી, સર્વદા (હાથવગાં તો નહિ પણ હૃદયવગાં) હોવાથી આપણો હક્ક એમની પાસેથી પ્રેમ—કૃપાનો હક્ક આપણે નિરાંતે વસૂલ કરીએ છીએ અને 'મા' પણ બહુ જ પ્રેમથી આપણને વસૂલ કરવા પણ દે છે. એવું સહજ, કોમળ, અનુકંપાશીલ, સ્નેહ દ્રવતું એમનું હૃદય છે. 'મા'નો પ્રેમ બિનશરતી છે એટલે આપણા પર એ અનવરત વહ્યા કરે છે.

મારે આજે જે વાત ભારપૂર્વક કરવી છે તે એ છે કે, પૂ. 'મા' જે અહોભાવનાં જ અધિકારી છે, એમની સાધના, કાર્યક્ષમતા, અસીમ સ્નેહભાવ, અને અસાધારણ અનેકાનેક સિદ્ધિઓ માટે એ 'મા'ને પ્રણામ કરી, વંદના કરી, નમસ્કાર કરી, આપણા બધા જ મનોરથો એ પૂરશે એવી શ્રદ્ધા એમનામાં આરોપી, આપણે આપણી મર્યાદાઓ, અવગુણો, દોષો સાથે જીવ્યા કરીશું કે પૂ. 'મા'ની આંતરસ્વરૂપ ચેતનાસમૃદ્ધિ સાથે આંશિક રીતે પણ એકરૂપ થવા મથીશું?

કેવળ આશ્ચર્યચકિત રહેવાની એક ઉંમર હોય છે. પણ માત્ર મુગ્ધતા ત્યજી બહુ ગંભીરતાથી પૂ. 'મા'ના 'અંતરતમ સત્ય'ને જાણવાની—સમજવાની કોશિશ કરવી એ પણ સાધનાની જ એક કેડી છે.

સાચું કહીએ તો 'દેવં ભૂત્વા દેવં યજેત્' દેવને એળખવા દેવ થવું પડે (કલાપીએ કહ્યું છે ને 'સૌંદર્યો માણતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.')

મારી નમ્ર બુદ્ધિને જે ઉપાયો દેખાયા છે તે આ છે કે–

(૧) પૂ. માને કેવળ અવતારી જીવ, મહાત્મા કે સંતનું સ્ટીકર ચોંટાડી દેવાને બદલે, દક્ષિણ ગુજરાતના વ્યારા પાસેના કપૂરા ગામની એક સામાન્ય નટખટ, તોફાની, જિદ્દી ખેડૂતપુત્રી અત્યંત નિષ્ઠાવાન, તેજસ્વી, સમર્પિત આચાર્યા કેવી રીતે બની?

એક ઉજ્જ્વળ સન્માનભરી બે પાળીની કારકીર્દિ, સંપન્ન કુટુંબની છત્રછાયા, સ્નેહસુરક્ષિત જીવન એક વિ–પળમાં કેમ ત્યજી દીધું?

પૂજ્યશ્રીમાં 'મા'ને એવું તે શું પ્રતીત થયું કે, એમની સેવાકાજ એમણે સદાનો સમર્પણભાવ ધારી લીધો?

પોતે શિક્ષિકા–આચાર્યા–અભ્યાસુ હતાં છતાં પૂ. શ્રીની વ્યાખ્યાન શ્રેણીઓ સાથે એમનાં વ્યાખ્યાનો ગોઠવવાને બદલે કેવળ ભજન ગાવાનું કેમ સ્વીકાર્યું?

સ્વયં જનમોજનમથી સાધના સિદ્ધ કરી ચૂકેલાં, પૂજ્યશ્રી સમકક્ષ જ સંત હતાં છતાં પૂજ્યશ્રીને મુખ્યપદે સ્થાપી એ સદા ગૌણભાવે કેમ રહ્યાં?

પૂજ્યશ્રીનાં માતુશ્રીની સેવા કરવા 'મા'એ પરિચારિકાવેશ કેમ ધાર્યો?

પૂજ્યશ્રીએ તો સ્વર્ગારોહણ કેવળ વિશ્રામગૃહ રચવા ધારેલું અને સદ્‌ગુરુ સ્મૃતિ અર્ચનાનું આવું સુંદર સ્વરૂપ, આટલો ઊંચો દરજ્જો કેમ આપ્યો?

ગુજરાતના એક નાનકડા ગામ સરોડાના 'હિમાલયના તપસ્વી'ને ગુજરાત જ નહિ, દેશ જ નહિ, દુનિયાભરનાં ભારતીયો ઓળખે–જાણે એ માટે એ પ્રત્યેક ક્ષણે કેમ મથી રહ્યાં છે?

'પ્રભુ કોળિયો ભરાવશે તો જ ખાઈશું' એવી જીદમાં ને જીદમાં વર્ષોથી દેહને અન્ન, મીઠું, ખાંડથી વંચિત કેમ રાખ્યો હશે? દેહપીડા આપણને લાગે 'મા' તો કાયમ એવી મસ્તીમાં કે, ઘણા ખાદ્યપદાર્થોના સ્વાદના અણસાર સુદ્ધાં ભૂલી ગયાં છે આવું બની શકે? ફળ–દૂધ તો ઠીક, પાણી પીવાની પણ સુધ ન રહે એવી કક્ષા હયાતિની હોય?



નિદ્રા–જાગૃતિ વચ્ચે કોઈ ફેર નહિ. થાક–કંટાળો–ઉદ્વેગ કદી એમના ચહેરા પર નહિ. કેવળ પ્રસન્નતા–આનંદ–ઉત્સાહ–સ્ફૂર્તિ, જીવમાત્ર માટે છલોછલ હૃદયભાવ, જડચેતન ઉભય માટે સમભાવ–આ બધું એ ક્યાંથી આયાત કરતાં હશે?

શિસ્ત, મર્યાદા, સુઘડતા, સ્વચ્છતા, પવિત્રતા, અભયનો પ્રસાર આટલો સહજ કેવી રીતે કરતાં હશે?

જેવું શુભ્ર હૃદય એવી જ શ્વેત સાડી ક્યાંય પણ એકે ડાઘ નહિ, સદા 'સદ્યસ્નાતા' પ્રફુલ્લ દેહયષ્ટિનું દર્શન કરવા આપણ ને સુભાગી કેવી રીતે કરતાં હશે?

બધું લૂંટાવીને, વહેંચીને, ખર્ચી દઈને કેવી રીતે મગ્ન રહેતાં હશે?

'લાવો, બસ લાવો ગમે ત્યાંથી, ગમે તે રીતે!' ના શોર-બકોરભર્યા જગતમાં 'આપો, બસ આપો'નો મંત્ર ચરિતાર્થ કેવી રીતે કરતાં હશે?

આટલો નિરપેક્ષ–નિતાન્ત પ્રેમ સૌ કોઈ માટે ક્યાંથી ઊમટતો હશે!?

પોતે નિરાહારી છતાં પ્રત્યેક ભક્તજનથી માંડી, નાનામાં નાના જીવજંતુના આહાર, ગમા–અણગમાને યાદ રાખી એને માટે 'ખાસ વ્યવસ્થા' કેવી રીતે કરતાં હશે!!

આપણા અનેક અવગુણો છતાં થઈ જવા છતાં ગુણોને જ

શોધી શોધી આપણી આગળ આપણું સન્માન શા કાજ કરાવતાં હશે?

સૌથી વિશેષ તો કણ માગે એને મણ આપે, કંઇ ન ચાહે એને ય મબલખ આપે.

સપાટીપર ભૌતિક સુખોનો ઢગલો કરી આપી ભીતરનો 'માહ્યલો' સમૃદ્ધ કરી આપવાનું લક્ષ્ય કદી નહિ ચૂકવાનું ભગી-રથ કાર્ય કેવી રીતે સંપન્ન કરતાં—કરાવતાં હશે?

અને ૬૧ વર્ષના આયુષ્યમાં અધધ... કહી શકાય એવી સાધના, અનુપમ કહી શકાય એવી સિદ્ધિઓનાં સ્વામિની છતાં સેવિકામુદ્રા સેવવાની નમ્રતા—વિનમ્રતા કેવી રીતે ધારતાં હશે?

અહંકારનું સંપૂર્ણ વિગલન. આત્મસત્તાની સર્વોપરિતામાં રાચતાં 'મા' સંપૂર્ણ માનવીય છતાં દેવત્વની કોટિએ કેવી રીતે પહોંચી શક્યાં હશે?

બધાનાં છતાં કોઇના નહિ. કેવળ પરમેશ્વરનાં છતાં સર્વ કોઇ માટે સમભાવ ધારતાં આ 'મા' અહોભાવનો વિષય નથી, આપણા સર્વના પ્રેમભાવનાં અધિકારી છે.

આપણે જો 'મા' જેવાં માસદશ, નિરાડંબર, નિર્દોષતા, શુચિતા, પવિત્રતા, સ્નેહ, નિઃસ્વાર્થ સેવાભાવ, પ્રભુપ્રીતિ, જગતના પ્રત્યેક જીવ માટે અનુકંપા આપણા હૃદયમાં ન ધારી શકીએ તો આપણે 'મા' સર્વેશ્વરીની પૂજા—અર્ચના—આરાધના કરીશું તો એ કેવળ એક ક્રિયાકાંડ, યાંત્રિક કાર્ય જ બની રહેશે. પછી ૨૫૦—૫૦૦—૧૦૦૦ પ્રણામ કે રોજની ૨૦૦—૫૦૦ માળાઓ, અનુષ્ઠાનો, વ્રતો કશોનો કોઇ અર્થ રહેશે નહિ. એમનાં આ કે તે સ્વરૂપોથી દીવાલો ભરી દેવાથી કોઇ અર્થ નહિ સરે. અરે! અહીં એમની સંનિધિમાં વર્ષો રહી મૂળ સ્વાર્થ-



બુદ્ધિ યથાવત્ રાખવાથી કશું હાંસલ નહિ થાય.

તેથી સ્થૂળ આલંબનથી જ સંતોષ પામવાને બદલે, એમને જીવનનો સૂક્ષ્મ, સાચો એકમાત્ર આધાર બનાવી, સ્વસ્થ રહેવા મથીશું, પૂ. 'મા'ના સ્નેહઉજાસમાં આપણી ક્ષતિઓ—મર્યાદા-ઓ ઓળખી એને હટાવવા મથીશું ત્યારે જ આપણે 'મા'ને ચાહીએ છીએ. એવો ભાવ વ્યક્ત કરવા અધિકારી બનીશું બાકી ખાલી હોઠો ફફડાવવાનો કોઇ અર્થ નથી.

સર્વત્ર સ્નેહ, સંવાદિતા, ભાવઐક્ય, કેવળ પ્રભુપ્રીતિનું સંગીત નિષ્પન્ન કરીશું ત્યારે જ પૂ. 'મા'પ્રત્યેનો આપણો ભાવ સાર્થક બનશે.

ગમે ત્યાં રહીએ, સદા પૂ. માની પ્રસન્ન—મધુર વ્યક્તિતા કે જેમાં વિશ્વભરની કટુતાને ઓગાળવાની શક્તિ છે, એને નિરંતર અનુભવી એવા થવા મથીશું ત્યારે જ એ સાચી સ્નેહ-અર્ચના બનશે.

પરમ પૂજ્ય 'મા'ના ૬૨ મા વર્ષના પ્રારંભે આપણે સંકલ્પ કરીએ કે, પૂ. 'મા' આપનામાં અમારા સર્વનું ઐશ્વર્ય ઈશ્વરી-તત્ત્વ સમાવિષ્ટ છે, તો અમે પણ આપનો એક ચૈતન્યઅંશ બની રહેવાની યોગ્યતા સિદ્ધ કરવા મથી, આપના 'જન્મદિનને શોભે એવો ઉપહાર' બનવાનું ગૌરવ ધરીશું.

પરમ કૃપાળુ પરમેશ્વર અમ બાળકોને શિરે સદા આજ મમતાળુ 'મા'નો વરદ હસ્ત રાખજે અને પૂ. મા સર્વેશ્વરીને નમ્ર પ્રાર્થના 'વરદ શ્રી ચરણ 'મા' તમારો, સદાય રહેજો શરણ અમારો.

○

# મુંબઈના આંગણે શ્રી શ્રી મા

શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી

[શ્રી જ્યોત્સ્નાબેન એ પૂ. માનાં ખૂબ ભાવપૂર્ણ પ્રશંસક સાધક છે. તેમની પાસે પૂ. માના લીલાપ્રસંગોને નિહાળી તેનું ભાવપૂર્ણ અર્થઘટન કરવાની આગવી દૃષ્ટિ છે. એટલે પૂ. માની મુંબઈની ઉપસ્થિતિ દરમ્યાનના પ્રસંગો ભલે સંક્ષેપમાં અગાઉ રજૂઆત પામ્યા હોય, છતાં તેમની ભાવપૂર્ણ મુલવણી વાંચકોને ગમશે, એ દૃષ્ટિએ આ લેખ અહીં મૂક્યો છે. —**તંત્રી**]

સમગ્ર મહારાષ્ટ્ર હિલોળે ચઢ્યું છે. તેઓના ઈષ્ટદેવ ગજાનન ગણરાયાની ભવ્ય સવારી આવી પહોંચી છે. મન સતત આપણા ઈષ્ટને ઝંખે છે. વ્યાવહારિક મન સતત ઘોંઘાટ વીજળીનો ક્યારેક ન સહન કરી શકાય તેવો પ્રકાશ—એ બધાંને લીધે એમ ઈચ્છે છે શ્રી શ્રી મા અઠવાડિયું લંબાવે તો સારુ. પ્રભુની યોજનાઓની આપણને શું ખબર! સરપ્રાઈઝનાં શોખીન મા તેમનું મુંબઈનું આગમન પણ સરપ્રાઈઝરૂપે જ રાખે છે. એક મન સતત કહ્યા કરતું હતું, ૧૯ મીના ધ્યાનકેન્દ્રમાં પૂ. મા આવશે જ. અંતરનો અવાજ હતો અને અંતરંગ જ્યારે કંઈક કહે ત્યારે તે કદી ખોટું નથી હોતું. કાં તો આપણે અવગણીએ છીએ અથવા એ સાંભળવાની દરકાર નથી કરતાં.

નિયમ પ્રમાણે ધ્યાનકેન્દ્ર પૂરું થતાં શ્રી મધુભાઈ સહુને ગણેશદર્શન માટે નિમંત્રે છે. શ્રી મહાગણેશના સ્થાને પૂ. મા વિરાજેલાં છે. હાસ્યની છોળો ઊડે છે. સહુ સાનંદાશ્ચર્ય અનુભવે છે, અને ઘેલાં થઈ જાય છે. શ્રી શ્રી માનું શુભાગમન તો ૧૪ મી સપ્ટેમ્બરે થયું, પણ તેઓશ્રીના જપ બાકી હતા એટલે તેઓએ અંગત દર્શન બંધ રાખેલાં. અંતર્ધ્યાન થવાનું જ પસંદ કરેલું. કોઈ પણ વિક્ષેપને લીધે ધ્યાનકેન્દ્રમાં ન આવેલાં બાળકો



દર્શનથી વંચિત રહી જાય તે શ્રી માને જ ખટકે. એટલે શ્રી શ્રી મા પ્રકાશભાઈ ભટ્ટના નવા નિવાસસ્થાને દર્શન આપવાની અનુમતિ આપે છે. સાંજે છ નો સમય છે. દોઢ દિવસના ગણપતિ વિદાય લઈ રહ્યા છે. સહુ આપણા ઈષ્ટ માટે ઘેલા થયાં છે. લગભગ સાત વાગે શ્રી શ્રી મા પધારે છે. વિઘ્ન વિનાશક ગણેશનો મંત્રોચ્ચાર કરાવે છે. તે પહેલાં આપણી નિયમિત વંદનાઓ અને મંત્રગાન થાય છે.

શ્રી મા રક્ષિતાને તેના મા સાથેના અમેરિકા નિવાસ વિષે બોલવાનું કહે છે, તે શ્રી માની સ્નેહભરી કાળજી, અમેરિકાનાં ત્યાંથી નજીકના સ્થળોનું દર્શન કેવી રીતે કરાવે છે, તેનું વર્ણન કરે છે. પણ સહુથી અગત્યનો સંવાદ તેણે અને અર્પિતાએ કરેલો તે ખૂબ મનનીય હતો.

આપણો મનુષ્યજન્મ થાય છે, પછી બાળપણનાં વર્ષો માતાપિતાની ઈચ્છાનુસાર, પછી આપણામાં સમજ આવે એટલે આપણી કારકીર્દિ, સારી નોકરી, પૈસા કમાયાં, પરણ્યાં, બાળકો થયાં એ જ ઘટમાળ. તો પછી આપણા આધ્યાત્મિક વિકાસનું શું?

શ્રી શ્રી મા કહે છે, ''આ જાગૃતિ છે. તમે વહેલાં જાગી ગયાં છો. પણ આ બધું પણ જરૂરી છે. ખૂબ સારું ભણો, તેજસ્વી બનો અને સતત જાગૃતિ સાથે વ્યવહાર અને અધ્યાત્મનો સમન્વય કરો.'' મા કોઈને કશું જ છોડવાનું નથી કહેતાં. માને તો સર્વક્ષેત્રે ઝળહળતા તારલાઓ જ ગમે છે. ગૌરવપ્રદ બાળકો કોને ન ગમે!

પૂજા પોતાને પોતાના ઈન્ટર્વ્યુમાં મા કેવી રીતે મદદરૂપ થયાં, તેની વાત કરે છે. તેણે કહ્યું મેં તો સતત ઈન્ટર્વ્યુમાં માની જ વાતો કરી, પણ માએ જે નિર્ભયતા મારામાં પ્રેરી અને આત્મવિશ્વાસ પૂર્યો તેથી જ આ કામ મને મળી ગયું. માનો ખૂબ ખૂબ આભાર માન્યો, અને અંબાજીના સંસ્મરણો યાદ કર્યાં.

પ્રકાશભાઈની પુત્રી બીજલને હૈયે હરખ માતો નથી. આજે

તેનાં ઈષ્ટ તેને ત્યાં પધાર્યાં છે. તેની ઝંખનાની પરિપૂર્તિ થઈ છે. નવું ઘર નવું કામ, બધું કેવું સરસ રીતે ગોઠવાઈ ગયું, તેની વાત કરે છે. પ્રકાશભાઈની સેવા ભાવના, જ્યોતિબેન અને બીજલનું સમર્પણ. પ્રેમ એનો જાણે કે કંઈક Reward બદલો પ્રાપ્ત થયો હોય તેવું લાગે છે.

ત્યારબાદ શ્રી શ્રી મા ડાયરીની એક દિવસની નોંધ મારી પાસે વંચાવે છે. શ્રી શ્રી માની નોંધ એ દિવસોની છે. જ્યારે આ વખતે શ્રી શ્રી માએ ૩૪ દિવસોમાં ૭૦૦૦ માઈલનો (૧૧,૦૦૦) કિ. મિ.નો કરેલો.

આ કોઈ પ્રવાસ નોંધ નથી. આ તો અંતરંગ યાત્રા છે. ભીતરનો ઉજાગર થયેલો સૂર્ય પ્રકાશ છે. વૈખરી વાણી જેમાં વ્યક્તિત્વની મોહક સુગંધ છે. આંખનાં અમીઝરણાં છે, તો દિવ્ય દૃષ્ટિનું વિશ્વરૂપ દર્શન છે. અંતરનાં ઉઘડી ગયેલાં દ્વારની સમજ છે. છતાં ખૂબ સરળતા છે. સહજતા છે. કશુંય અમૌલિક નથી. ખૂબ ખૂબ કહી જાય છે. એક નવો અભિગમ આપી જાય છે. આત્મનિરીક્ષણ અને તટસ્થતાના પાઠ શીખવી જાય છે. કોઈ આડંબર નથી. એક ભક્તહૃદયની ભગવાનને નમ્ર પ્રાર્થના-ઓ છે. તો પ્રસાદરૂપે મળેલી સર્વ ચીજોની કૃતજ્ઞતા છે. ક્યાંક બાળકો માટેની પ્રાર્થનાઓ છે. ખૂબ ખૂબ સભર કરનારી વાતો છે. કદાચ આ ડાયરીનું જીવન આપણે આચરણમાં ઉતારીએ તો કોઈ અન્ય સાધનાની જરૂર ન પડે. રોજની ૩૬૫ માળાનો નિયમ રોજનીશીનો નિયમ, સતત પ્રવાસ, એ નિર્મોહિતા, અનાસક્તિ એ બધાથી પ્રભાવિત થયા સિવાય નથી જ રહેવાતું.

આપણી તો ગીતા, ઉપનિષદ્ અને વેદ બધું જ આ મા. હે મા! યોગેશ્વર કથામૃતની જેમ ઝડપથી આ પ્રકાશિત કરો. આ અમારો અમૂલ્ય વારસો છે.

શ્રી શ્રી મા સહુ સાધકોને ખૂબ પ્રેમથી મળે છે. જયેશભાઈ ભટ્ટની બેબીને વેદા નામ આપે છે. શ્રીમતી પૂર્ણિમાબેન વ્યાસ-



નો જન્મદિવસ ઉજવે છે. અભયની નવી ગાડીનું પૂજન કરાવે છે. સત્સંગની બેઠક વેફર, બાસુંદી, કચોરી, પેંડાના પ્રસાદથી પૂર્ણ થાય છે. નવા ઘરમાં માની પધરામણી છે એટલે ભક્તોનું આ સુંદર પ્રસાદથી સ્વાગત છે.

તા. ૨૦–૯–૦૪ ના દિવસે શ્રી નારાયણભાઈ પૂ. માની ડાયરી વાંચવાની રજા માંગે છે. શ્રી મા રજા આપે છે. સાંજે ૭–૩૦ વાગે અજય, કાકા, મને અને ટમકુને એ સૌભાગ્ય મળે છે. સરસ નોંધ છે.

પ્રાણીબાગમાં પ્રાણીઓ દોડીને હાફતાં હોય છે. બહુ ઝડપ-થી શ્વાસોશ્વાસ લેતાં હોય છે. ત્યારે શ્રી મા નોંધે છે કે ઝડપથી શ્વાસ લઈ આ યોનિમાંથી મુક્તિ મેળવવા આમ કરતાં હશે શું? શ્રી મા જીવનું આયુષ્ય શ્વાસોશ્વાસ પર નિર્ભર છે તે સિદ્ધાંતને અનુમોદન આપે છે.

પૂ. મા Motel Holiday Innનો અર્થ પવિત્ર દિવસનો નિવાસ તેવો કરે છે. ત્યાંની ભૌતિક સુખસગવડતાનું વર્ણન કરે છે. ખૂબ સ્વચ્છતાની પણ શ્રી મા નોંધ લે છે.

એક દિવસે બંધ પડેલી સોનાની ખાણ જોવાનું પણ બને છે. ત્યારે શ્રી મા પૂ. શ્રી સાથેના દક્ષિણ આફ્રિકાના સંસ્મરણો તાજાં કરે છે. પૂ. શ્રી સોનાની ખાણ જોવા જવાની ના પાડે છે. કહે છે "અંદરની ખાણ જુઓ, તે આનાં કરતાં વધુ મૂલ્યવાન છે." પૂ. શ્રીનું સુખદ સંસ્મરણ યાદ કરી, શ્રી મા તો સહુ યાત્રીઓ સાથે જાય છે.

રસ્તાઓનું સુંદર વર્ણન છે. તો આપણા દેશમાં પણ ચાર ધામની યાત્રા આવી સરળ સુગમ બને તેવી પ્રાર્થના પણ છે. પૂ. માનો ભારતપ્રેમ આમ નોંધોમાં પ્રગટ થઈ જાય છે.

પૂ. શ્રી માની દૃષ્ટિ "પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે." એવી થઈ ગઈ છે.

શ્રી કાકા પૂ. માને શ્રી શારદામાનો પ્રસંગ કહે છે કે બલરામ બોઝની પત્ની જ્યારે બીમાર હોય છે ત્યારે ઠાકુર શારદામાને આદેશ આપે છે કે બલરામ તો ઘરનો કહેવાય તમે કોઇ પણ રીતે તેની ખબર જોવા જાવ. આ વાત ઠાકુરના લીલાસંવરણ પછીની છે. તો કાકા પ્રશ્ન પૂછે છે ''હે મા, તો આપના જીવનમાં પૂ. શ્રીના લીલાસંવરણ પછી આવી કોઇ ઘટના ઘટી છે ખરી?''

એના જવાબમાં પૂ. શ્રી મા પોતાની અનુભૂતિની નોંધ વંચાવે છે. ''થોડા દિવસ પહેલાં જ અમને એવી ઇચ્છા થઇ કે હમણાં બહુ દિવસથી પૂ. શ્રીની કંઇ અનુભૂતિ નથી થઇ. તો પ્રભુ પ્રગટે છે અને કહે છે, 'અમે તો અમારાથી બનતું બધું જ કરી છૂટ્યા' પલંગની સાવ પાસે જ પૂ. શ્રી ઉભેલા છે. આટલું કહી અંતર્ધાન થઇ જાય છે. પૂ. માની આ પ્રત્યક્ષ અનુભૂતિ છે, જેમાં તેઓની આધ્યાત્મિક ઉચ્ચતા પ્રતીત થાય છે. મા પોતાનું આત્મનિરીક્ષણ પણ નોંધે છે.

પૂ. મા કોઇકની વ્યાવહારિક વાત નીકળતા કહે છે કે આપણે કોઇને આપણી ફૂટપટ્ટીથી ન માપવા. કોઇને માપતાં આપણે જ મપાઇ જઇએ. કેવી સરસ વાત!

શ્રી ઉપાસની બાબાએ શ્રી રંગઅવધૂત મહારાજને આપેલી શીખ ડાયરીમાંથી વંચાવે છે.

(૧) લોકસેવાનો અભરખો રાખવો નહીં.

(૨) પારકી પંચાત કરવી નહીં.

(૩) કોઇને સુધારવાનો પ્રયત્ન કરવો નહીં.

આ અધ્યાત્મ માર્ગના પ્રવાસી માટે કે સંસારી માટે કેટલું બધું સાચું છે. જીવનમાં ઉતારવું ખૂબ અઘરું પડે, પણ ઉતરી જાય તો બેડો પાર થઇ જાય.

પૂજા કહે છે, 'મા' હું મારી બોસ સાથે આપની વાત કરતી હતી. તે વખતે તેના પતિનો ફોન આવ્યો. તેણે તેના હસબન્ડ-



નો ફોન કાપી, એમ કહ્યું 'પછી કર.' એને આપની વિષે જાણવાનો એટલો બધો રસ પડી ગયો હતો.

અધ્યાત્મના ૨૫ વર્ષની ઉજવણીની વાત થાય છે. શ્રી શ્રી મા સહુને ગજરાની પ્રસાદી આપે છે. સહુ વિદાય લે છે.

શ્રી શ્રી મા કાલે મુંબઇથી વિદાય લેવાનાં છે. માનું સ્વાગત આનંદદાયક લાગે છે પણ માની વિદાય વસમી લાગે છે. ભલેને બે દિવસ માટે જ કેમ નથી હોતી!

હે મા! આપનું નિત્ય નિરંતર અનુસંધાન, દર્શન અને સંનિધિ સુખ મળી રહે તેવી પ્રાર્થના.

○

જીવનમાં સાંસારિક પદાર્થો ને ઇચ્છાઓને પોતાનું સ્થાન જરૂર છે, પરંતુ તે ઇચ્છાઓ ને પદાર્થોની આડમાં પરમાત્માની પ્રાપ્તિનું મુખ્ય મહત્ત્વનું કામ ભુલાઇ ના જાય તેનું ખાસ ધ્યાન રાખવાનું છે. **– યોગેશ્વરજી**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**

મોબાઇલ : **૩૧૧૦૩૦૪**

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# વિશેષતાને વંદન

સુશીલાબેન ભક્ત

પૂ. ગુરુદેવ પ્રભુ યોગેશ્વરજીના પરમ ભક્ત શિરોમણિ, શ્રી સુરેશભાઇ શાહને વંદન! અભિનંદન! જન્મદિન મુબારક હો!

**कुलं पवित्रं जननी कृतार्था...** જેમના જન્મથી કુળ પવિત્ર બને છે અને માતા ધન્ય બને છે એવા માતાપિતાને ધન્યવાદ કે, જેમણે એક આદર્શ પુત્રરત્નને જન્મ દીધો. શ્રી સુરેશભાઇનું ઘડતર સુસંસ્કારોથી સંપન્ન છે. વળી, પૂ. ગુરુદેવ પ્રભુનાં શ્રી ચરણોનું સાંનિધ્ય બાળપણથી જ ગળથૂથીમાં ઢળ્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં ઉત્તમ આદર્શ મનુષ્યની જે કલ્પના છે, જે પરિપાટી છે, જે પરિભાષા છે તે ઢાંચામાં બહુ જ સહજ રીતે શ્રી સુરેશભાઇનો સમાવેશ થાય છે. એ રીતે જોતાં મારી દૃષ્ટિથી તેઓ આદર્શ પુત્ર છે, આદર્શ પતિ છે, આદર્શ પિતા છે, અને આદર્શ પિતામહ પણ છે. એ રીતે પરિવારના સન્માનનીય મોભી બન્યા છે. આમ સંસ્કારી પરિવારથી તેઓશ્રી શ્રીમંત છે.

એવા આપણા સુરેશભાઇનું વ્યક્તિત્વ બહુમુખી પ્રતિભાવાળું છે. તેઓ દુરંદેશી છે. વિશાળ કપાળ અને ગંભીર ચહેરાથી તેઓની વિદ્વત્તા અને તેજસ્વી આંખોથી અનોખી પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે ઉપસી આવે છે. તેઓ ખૂબ ઊંચા શિક્ષિત છે. શિક્ષણ—જગતની ઘણી શાખાઓમાં એમની બુદ્ધિ પ્રતિભાએ પ્રકાશ પાથર્યો છે. તેઓ ફક્ત એન્જિનીયર જ નથી પણ તેઓ લેખક છે. કુશળ વક્તા છે. ઊંડા અભ્યાસી છે. તો નાટ્યકાર છે. તો રમૂજી કલાકાર પણ છે. એક એકાઉન્ટન્ટને



શરમાવે એવા હિસાબનીશ પણ છે. તેઓ સ્વચ્છતા અને કડક શિસ્તપાલનના આગ્રહી એવા સાચા શિક્ષક પણ છે. તો વળી સાત્ત્વિક જીવન જીવનાર અતિ નિયમિત રીતે ખાવુ, પીવુ, સૂવુ કે ઊંઘવું આ બધી જીવનશૈલીનો ક્રમ ઘડિયાળના કાંટા પ્રમાણે આરોગ્ય ને સ્ફૂર્તિવાળું રાખનાર એક કુશળ વૈદ્ય છે.

અલબત્ત શિસ્ત કે નિયમિતતાની દવા તો કડવી જ હોય ને? એ રીતે શિક્ષક કે વૈદ્ય કડવા જ રહેવાના! આ બધી વિવિધતાથી સભર—ભાતીગળ વિશેષતાઓથી તો તેઓ અદના માનવી છે. પરંતુ એમનામાં આપણાથી કંઇક ચઢિયાતું છે. કંઇક અનેરું છે. તે છે એમની આધ્યાત્મિકતા.

વળી અતિ મહત્ત્વનું એ છે કે એમના જીવનની પારિજાત પુષ્પ જેવી જે સાધુતા છે, એ સુગંધી સાધુતાના શ્રી યોગેશ્વરજી યશસ્વી બન્યા છે. તેમનાં સઘળા કાર્યો માટે સાબરમતી નદીના કિનારેથી સફેદ રેતીના કણમાંથી એક ચળકતો કણ પસંદ કર્યો છે અને તે કણ બીજો કોઇ નહીં પણ તે આપણા સુરેશભાઇ છે. વળી, મારી દૃષ્ટિથી શ્રીકૃષ્ણચંદ્ર યોગેશ્વરજી કલ્પવૃક્ષ છે. તો વૃક્ષની છત્રછાયામાં બેસનાર શ્રી સુરેશભાઇ આજ્ઞાંકિત શિષ્ય અર્જુન છે. ગુરુદેવ પ્રભુની દુરંદેશી આજ્ઞાને મને—ક—મને માથે ચઢાવી કેનેડાને કર્મભૂમિ બનાવી છે. જેમાં એમનું સાર્વત્રિક કલ્યાણ જ સમાયું હતું જેમાં રહીને, માત્ર પોતાનો જ આત્મિક વિકાસ ન સાધતાં, સાર્વત્રિક ભાવથી, તન મન ધનથી સમર્પિત એક સુગઠિત ધ્યાનકેન્દ્રના સૂકાની બન્યા છે.

ભારતીય સંસ્કૃતિનાં જે કોઇ આમૂલ પરિવર્તક ચક્રવર્તી કાર્યો મહાત્માજીએ કર્યાં છે, તેનો યશસ્વી ધ્વજ આકાશમાં ફરકી રહ્યો છે. તેની ડંડીને સ્થિર અને અડગ રાખવામાં પૂ. મા પાયામાં

પૂરાઈને પૂ. મા મંડી પડ્યાં છે. તો એ ધ્વજની ડંડીને મજબૂત રીતે પકડી રાખી મદદરૂપ થનારા પૈકીમાં એક સુરેશભાઈ પણ છે.

શ્રી સુરેશભાઈ પૂ. માના અનન્ય ભક્ત છે. નમ્ર સેવક છે. ઉત્તમ યજમાન છે. સર્વ સદ્‌ગુણોથી સંપન્ન છે. જીવનની ચઢતી—પડતીમાં ટકી રહેવાની ક્ષમતા ધરાવે છે. તેઓ પડકાર-રૂપ બને છે. તેથી તેઓ પાસેથી શીખવાનું મળે છે. તેથી તેઓ-ના આદર્શ ને સિદ્ધાંતને વંદન છે. આ બધી ક્ષમતાથી, તેઓને સન્માનિત કરવાની આજે સુંદર તક મળી છે. તેને વધાવીએ. બિરદાવીએ!

અંતે એક વાત ન કહું તો તે અન્યાય ગણાય. અને તે છે એમનાં ધર્મપત્ની વિમળાબેન! શ્રી સુરેશભાઈનાં સઘળાં કાર્યો-માં સર્વ પ્રકારનો સહયોગ ધરનાર અર્ધાંગિની શ્રીમતી વિમળા-બેનનો યશસ્વી ફાળો છે. ૧૮ માર્ચ, ૧૯૮૪ થી તેઓ એક ટંક જ ભોજન લઈને પૂ. મા સર્વેશ્વરી પ્રત્યેની ભદ્રભાવનામાં જોડાયાં છે. વળી તેમને પૂ. મા પ્રત્યેનો એવો અનન્ય પ્રેમ છે. તેઓએ ગુરુદેવને પ્રિય ફળ એવી અમૃતા કેરીનો પણ સદંતર ત્યાગ કર્યો છે. એમણે પતિની પડખે રહી, આર્થિક સહયોગ પણ ધર્યો છે. એવાં પ્રેમાળ—સેવાભાવી વિમળાબેનને ધન્યવાદ. તમારું સુખી જીવન અમર રહો! સુંદર **રૂપલ** જીવન જીવો!

શ્રી સુરેશભાઈનું નિવૃત્ત જીવન સાહિત્ય જગતની નવી કેડીને કંડારતી રહો, એમનાં સાધનાત્મક જીવનની **વિકાસ**શીલ **વિમલ** પગદંડી આપણાં સહુ માટે નવી દિશા ચીંધે. સદાય માટે **સ્મૃતિ**રૂપ બની રહે. એમનું શેષ જીવન નવીન પ્રવૃત્તિમાં પરિ-વર્તન પામે. આરોગ્ય નિરામય રહે! પૂ. મા—પ્રભુના **પ્રિય** ભક્ત ઉપર આશીર્વાદની **કૃપા** ઝરણી સતત વહ્યા કરો! વહ્યા



જ કરો! આપ દીર્ઘાયુ રહો! એવી પરમ પિતા પરમેશ્વરને અમારા સહુ પરિવારજનોની પ્રાર્થના સાથે વિરમું છું.

**॥ शतं जीवो शरदः॥**

[નોંધ : શ્રી સુરેશભાઈ શાહના જન્મદિને શ્રીમતી સુશીલા-બેન ભક્તે આપેલ ભાવપૂર્ણ વક્તવ્ય.]


પરમાત્માની પ્રીતિ અને પ્રાપ્તિ વિનાનું ભૌતિક ધન કે ઐશ્વર્ય ગમે તેટલું હોય, તોપણ તે એકડા વિનાનાં મીંડાં જેવું છે. **— યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**
—: બનાવનાર :—
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# પ્રણામ પૂજા

ટોરન્ટો કેનેડા

તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૦૪ ના રોજ ટોરેન્ટોમાં શ્રી જગુભાઇ મિસ્ત્રીને ત્યાં જે પ્રણામ પૂજા કરવામાં આવી તેમાં બે વિભાગોમાં પ્રણામ કરનારાઓને વહેંચવામાં આવ્યા. કયા વિભાગના કયા સભ્યે કેટલા પ્રણામ કર્યા તેની વિગત નીચે પ્રમાણે છેઃ—

| ક્રમ | યુવકો | Youths | સંખ્યા |
|---|---|---|---|
| 1 | અનિલ | Anil | 1011 |
| 2 | અનીશા | Anisha | 600 |
| 3 | અર્જુન | Arjun | 1000 |
| 4 | આશા | Asha | 217 |
| 5 | ધર્મેશ | Dharmesh | 839 |
| 6 | ધ્રુવ | Dhruv | 1001 |
| 7 | હિતેશ | Hitesh | 1226 |
| 8 | જૈમેશ | Jaimesh | 691 |
| 9 | કેતન | Ketan | 1001 |
| 10 | નીલા | Neela | 675 |
| 11 | નીલમ | Neelam | 600 |
| 12 | નીતા | Nita | 464 |
| 13 | નિત્યા | Nitya | 1000 |
| 14 | રોહિત અને ભાવના | Rohit & Bhavna | 1101 |
| 15 | શીતલ | Sital | 1011 |
| 16 | સુનીતા | Sunita | 1015 |



| ક્રમ | યુવકો | Youths | સંખ્યા |
|---|---|---|---|
| 17 | સૂરજ | Suraj | 350 |
| 18 | ઉમેશ | Umesh | 1300 |

યુવકોના કુલ પ્રણામ ૧૫,૧૦૨ Youth total 15102

| ક્રમ | મોટાઓ | Adults | સંખ્યા |
|---|---|---|---|
| 1 | અંબુભાઇ | Amvubhai | 1000 |
| 2 | હંસાબેન | Hansaben | 606 |
| 3 | જગુભાઇ | Jagubhai | 251 |
| 4 | નરેન્દ્રભાઇ | Narendrabhai | 1011 |
| 5 | નીરૂબેન | Niruben | 1001 |
| 6 | રમેશભાઇ પરીખ | Rameshbhai Parikh | 1001 |
| 7 | સુરેશભાઇ પરીખ | Sureshbhai Parikh | 1001 |
| 8 | પ્રભુભાઇ ને રક્ષમાબેન | Prabhudasbhai & Rukshma | 500 |

મોટાઓના કુલ પ્રણામ ૬૩૭૧ Adult totel 6371

27 Final total 21473

[ટોરન્ટોના સાધકોને પૂ. ગુરુદેવ યોગેશ્વરજીના જન્મદિને આ પ્રમાણેના પ્રણામોનો અર્ઘ્ય ધર્યો, આ માટે તેઓ સહુને ખૂબ ખૂબ અભિનંદન —તંત્રી]

### કુ. ગાયત્રી જોષીની અનોખી ભેટ

પૂ. માના જન્મને ૬૧ વર્ષ પૂર્ણ થયાં એ નિમિત્તે ગાયત્રી વિનોદભાઇ જોશીએ અધ્યાત્મના ૬૧ વાર્ષિક ગ્રાહકોનાં લવાજમ ભર્યાં. આવી અનોખી રીતે પૂ. માના જન્મદિનનિમિત્તે પોતા તરફથી સત્કર્મની ભેટ તેઓશ્રી-ના ચરણ ધરી. શ્રી ગાયત્રીની આવી ભાવના ખરે જ પ્રશસ્ય ને અનુકરણીય છે. —તંત્રી

## About MAA and My Experiences With MAA

**Ruta Sutariya (Age-13) Grade 8 USA.**

I personally have kown MAA since the day I was born. It has been thirteen years since I have been with MAA. MAA is a really great person. MAA helps the need and sacrifices most of her life in helping everyone. MAA to me is like my mother, guide and my firend. MAA always helps me through my tough times and helps me make the right choices that will help me in my future. The way that I pay her back for all of her help is with my love and mainly my Pranam that I do everyday. Throughout those thirteen years I have had glamorous experiences with MAA.

As little girl at about the age of four I started to go to school. This was my first year of going to school in my life, So I didn't know any of my classmates or not even my teacher! I wasn't really nervous that I would start crying but yes I was kind of nervous. But the next day that I went to school was totally different I couldn't imagine that this would happen. In the morning when we got to enter the classroom. I saw MAA coming right from the center of my



eyes. I could not believe what I was seeing. MAA sat right next to me in those tiny little chairs we had. Just like MAA does today, MAA was wearing a white sari. No one can notice her or see her like me. She came everyday for a week. She helped me make new friends. After that I wasn't nervous or anything anymore. After this happened I told my parents the whole story. They were also quite amazed. So they decided to tell Vinod uncle and then Vinod uncle told MAA. That evening MAA called us to the mandir in North Bergen where MAA stays at Vinod uncle's house. My daddy and I went to MAA at Vinod uncle's house. We went straight up stairs to MAA. She said to me what has been happening lately in school? I told MAA The same thing that I told my parents. Then MAA took me into her room. MAA gave me an apple, some money and lots of other prasad. Then we talked with MAA for a while and then left. This was a wonderful experience with MAA!

Another experience that I had with MAA was the best ever! The day before Diwali there was a satsang at Vinod uncle's house. Everyone was there and then MAA asked us (meaning everyone) that since it is Diwali

tomorrow who wants to come here early in the morning and do 250 Pranams with MAA? Mostly everyone, little to big, raised his or her hand. Then MAA asked how about 500 Pranams? Then only 12 people raised their hands.

Then we continued on with the satsang. In the early morning of Diwali at about 7:00 A.M. we went to Vinod uncle's house to do the 500 Pranams that we told MAA, that we would do with her. The twelve people all gathered up in the mandir. MAA came out of her room and said let's start doing Pranam. There were only two kids out of all the twelve people. Those two kids were my brother and I. MAA took us both and placed me on the left side of her and MAA took my brother and placed him on the right side of her. So we were going to be doing Pranam right next to MAA. We started to do our Pranam and unbelievably I did 250 Pranams and didn't feel tired at all! That was quite amazing. I mean at home when I have to do 108 Pranams it feels like it's so many. But with MAA I already did 250 Pranams and didn't even notice it! Then it thought to myself that wow only another 250 isn't going to be that hard, it's going be easy just like I did the



first half. Without noticing again we finished 500 pranams. I was happy and excited that I finished 500 Pranams with MAA without feeling tired at all! But then MAA said to me that join me for doing Pranam because I only have a few more left, so then we all joined MAA do Pranam. I looked at my counter just to see how many I did for curiosity and the counter read 999 Pranams, I couldn't believe my eyes! was just like Oh My God! We did so many Pranams in so little time! MAA said for my brother and to do just two more Pranams with MAA. So we did two more Pranams with MAA. I was so amazed that I did 1001 Pranams with MAA.

After this MAA went back inside her room. So we thought she left. While we were doing Pranam to the Swaroops, MAA secretly came a whole jar of candy on me and then another whole jar of candy on my brother. Along with that she gave us money and some other Prasad. This day I noticed that we were forgiven for 1001 sins that we did in out previous life. MAA once told us that one Pranam equals to one sin being erased in your previous life.

# પૂ. મા અને પૂ. મા સાથેના મારા અનુભવો

ઋતા સુતરિયા (ઉ. ૧૩ વર્ષ.) શ્રેણી ૮, અમેરિકા

જે દિવસે હું જન્મી, તે દિવસથી પૂ. માને હું અંગત રીતે જાણું છું. આજે મારી ઉંમર તેર વર્ષની છે એટલે તેટલાં વર્ષોથી પૂ. માની સાથે હું છું. પૂ. મા એ ખરેખર એક મહાન વ્યક્તિ છે. પૂ. મા જેમને જરૂર છે તેમને મદદરૂપ થવા, પોતાના જીવનનો ભોગ આપે છે. મારે મન પૂ. મા મારી માતા જ નહિ, પરંતુ માર્ગદર્શક અને મિત્ર પણ છે. મારી મુશ્કેલીઓના સમયે પૂ. મા મારી પડખે ઊભાં રહે છે, તે ઉપરાંત મને ભવિષ્યમાં ઉપયોગી થઇ પડે તેવી યોગ્ય પસંદગીઓ માટેના નિર્ણય લેવામાં પણ સહાયભૂત થાય છે. આ બધાના બદલામાં પૂ. માને તો પ્રેમ સિવાય હું શું આપી શકું! અને હું મુખ્યત્વે દરરોજ પ્રણામ તો કરું છું. સતત તેર વર્ષો દરમ્યાન પૂ. માના કેટલાય પ્રભાવિત કરે તેવા અનુભવો થયા છે.

માત્ર ચાર વર્ષની નાની બાળકી એવી મેં નિશાળે જવાનું શરૂ કર્યું. મારા ભણતરનું આ પહેલું જ વર્ષ હોવાથી હું મારા વર્ગના કોઇ પણ સાથીઓ કે શિક્ષકને ઓળખતી ન હતી. એટલી બધી તો ઢીલી નહોતી પડી ગઇ કે રડવા માંડું, જ્યારે નિશાળે ગઇ, ત્યારે બધું બદલાયેલું હતું. મેં એવી કોઇ કલ્પના કરી ન હતી કે આવું કાંઇ હોઇ શકે. બીજા દિવસે સવારે શાળાના વર્ગમાં પ્રવેશી કે મારી આંખોના મધ્યકેન્દ્રમાંથી નીકળીને પૂ. મા મારા કલાસરૂમમાં મેં પ્રવેશતાં જોયાં. હું માની ન શકી કે મને જે દેખાઇ રહ્યું છે તે સાચુ છે. પૂ. મા



મારી બાજુંમાં જ નાની સરખી નાજુક ખુરશીમાં બેઠાં જે તે વખતે અમારી પાસે હતી. પૂ. માએ સફેદ સાડી (આજે જેવી પહેરે છે તેવી) પહેરેલી હતી. બીજા કોઇ પૂ. માને મારી જેમ જોઇ શકતા નહિ. તેઓએ મિત્રો બનાવવામાં પણ મદદ કરી. આવો અનુભવ એક અઠવાડિયા સુધી થયો. તે પછી મારો ગભરાટ દૂર થઇ ગયો. આ બની ગયા પછી મેં મારા માબાપને બધી વાત કરી. તે સાંભળી તેઓને પણ ભારે આશ્ચર્ય થયું. તેથી તેઓએ શ્રી વિનોદભાઇ પટેલને આ વાત કરી અને તેઓએ પૂ. માને તે વાત કહી. ત્યાં પૂ. માએ અમને બોલાવ્યાં. તેથી હું મારા પપ્પા સાથે તેમને ત્યાં ગઇ. અમે ઉપર ચઢીને સીધાં પૂ. મા પાસે જ પહોંચ્યાં. તેઓએ મને નિશાળમાં શું થતું હતું તે પૂછ્યું. મારા માતાપિતાને મેં જે વાત કરી હતી, તે જ વાત મેં પૂ. માને કહી સંભળાવી. તો પૂ. મા મને તેમના ઉતારા-ના રૂમમાં લઇ ગયાં ને થોડા પૈસા અને ઘણો બધો પ્રસાદ આપ્યો. તે પછી પૂ. મા સાથે થોડો વખત વાત કરીને અમે પાછાં ફર્યા. પૂ. મા સાથેનો આ અજાયબ પમાડે તેવો અનુભવ હતો.

પૂ. મા સાથેનો બીજો પ્રસંગ પણ ઉત્તમ પ્રકારનો છે. દિવાળીના આગલા દિવસે શ્રી વિનોદભાઇને ત્યાં સત્સંગ હતો. બધા જ ત્યાં હતા. ત્યારે માએ સૌને પૂછ્યું કે આવતી કાલે દિવાળી છે તો કોને કોને સવારે વહેલા આવીને મા સાથે ૨૫૦ પ્રણામ કરવા છે? લગભગ નાના—મોટા બધાએ હાથ ઊંચા કર્યા. તો માએ પૂછ્યું કે ૫૦૦ પ્રણામ કોને કરવા છે? ત્યારે ફક્ત ૧૨ જણાએ હાથ ઊંચા કર્યા. ત્યાર પછી દિવાળીના દિવસે વહેલી સવારે ૭ વાગ્યે અમે સૌ મા સાથે પ્રણામ કરવા વિનોદકાકાના ઘરે ગયાં. અમે ૧૨ જણા

મંદિરમાં ભેગા થયા. મા ત્યારે એમના રૂમમાંથી આવ્યાં ને કહ્યું, "ચાલો, આપણે પ્રણામ કરીએ." ૧૨ જણામાંથી અમે બે જ બાળકો હતાં. હું અને મારો ભાઇ. માએ મને એમની ડાબી બાજુ અને મારા ભાઇને જમણી બાજુએ ઊભા રહીને પ્રણામ કરવા કહ્યું. અમે પ્રણામ કરવાના શરૂ કર્યા અને ૨૫૦ પ્રણામ થયા, છતાં પણ થાક ના લાગ્યો. મને તો એનું ખૂબ જ આશ્ચર્ય થયું. વિશ્વાસ જ નહોતો થતો કારણ કે ઘરે તો જ્યારે ૧૦૮ પ્રણામ કરું તો પણ એ ઘણા લાગતા. પણ મા સાથે તો ૨૫૦ પ્રણામ કર્યા છતાં પણ મને એવું લાગતું જ ન હતું કે આટલા બધા કર્યા અને પછી મને વિચાર આવ્યો કે હવેના ૨૫૦ પ્રણામ તો કેટલા સહેલા પડશે! જેમ પહેલાં કર્યા તેમ બીજા ૨૫૦ પ્રણામ કરી લઇશું. અને ખરેખર જ અમે ૫૦૦ પ્રણામ કરી લીધા! મને તો ખૂબ જ આનંદ અને આશ્ચર્ય હતું કે મા સાથે થાક્યા વગર ૫૦૦ પ્રણામ કર્યા. પછી માએ કહ્યું કે હવે અમારા થોડા જ પ્રણામ બાકી છે તો તમે અમારી સાથે જોડાઇને પૂરા કરો અને ફરી અમે મા સાથે પ્રણામ કરવા લાગ્યાં. થોડીવાર પછી મેં જ્યારે કાઉન્ટર જોયું તો મને મારી આંખો પર વિશ્વાસ નહોતો થતો. કારણ મારાથી ૯૯૯ પ્રણામ થઇ ગયા હતા. મને એમ થયું હે ભગવાન! આટલા ઓછા સમયમાં કેટલા બધા પ્રણામ કરી લીધા! પછી માએ મને અને ભાઇને બે પ્રણામ એમની સાથે કરવા કહ્યું, તો અમે વધુ બે પ્રણામ મા સાથે કર્યા. ને ચમત્કારિક રીતે અમે મા સાથે ૧૦૦૧ પ્રણામ પૂરા કર્યા.

ત્યાર બાદ મા એમની રૂમમાં ગયાં. તો અમને એમ થયું કે હવે મા બહાર નહિ આવે ને અમે સ્વરૂપને પ્રણામ કરતાં હતાં



એટલામાં પૂ. માએ ચૂપકીથી મારા અને મારા ભાઇ ઉપર ચોકલેટની વર્ષા કરી. અને અમને પૈસા સાથે બીજો પણ પ્રસાદ આપ્યો. એ દિવસે મને એવું લાગ્યું કે આગલા જન્મનાં ૧૦૦૧ પાપોની ક્ષમા પ્રાપ્ત થઇ. માએ એકવાર કહ્યું હતું કે એક એક પ્રણામ એ આગલા જન્મોના એક એક પાપ કર્મના પ્રાયશ્ચિત-રૂપ છે.

જેણે જીવતાં જ પરમાત્માના પ્રેમનો સ્વાદ લીધો ને જીવનને પ્રભુમય બનાવી દીધું, તેની ગતિ તો નક્કી જ થઇ ગઇ. તેને તો જીવતાં જ સદ્ગતિ ને મુક્તિ મળી ગઇ, એમ સમજજો. —યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

### સ્વર્ગારોહણ તીર્થભૂમિપર

# અનાજ અને વસ્ત્ર સહાય યજ્ઞ

સ્વર્ગારોહણ સેવક રાજેન્દ્ર જાની

સ્વર્ગારોહણના પાવન તીર્થમાં સત્કર્મની સરવાણી પૂ. શ્રી મા સર્વેશ્વરીની પ્રેરણા અને પ્રત્યક્ષ માર્ગદર્શન નીચે સતત વહેતી રહે છે. અશક્ત અને અસહાય પરિવારોને અનાજ વિતરણ અને ગ્રામ્ય શાળા-ના નાના વિદ્યાર્થી ભાઈબહેનોને યુનિફાર્મરૂપે વસ્ત્રવિતરણના કાર્યક્રમનું આયોજન તા. ૩૧—૧૦—૨૦૦૪ ના રોજ થયું.

ભક્ત સમાજના બે શ્રદ્ધાળુ પરિવારો આ કાર્યક્રમોના આયોજન માટે નિમિત્ત બન્યા. ઓરણાના શ્રી શાંતાબેન ભીખુભાઈ ભક્ત પૂ. શ્રી મા સર્વેશ્વરી પ્રત્યે અનન્ય શ્રદ્ધાભક્તિ ધરાવે છે. પૂ. શ્રી માને જ્યારે જ્યારે તેઓ મળે ત્યારે આવાં સત્કર્મો માટે આર્થિક સહાય આપતાં જ રહ્યાં છે. અંબાજી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા અસહાય અને અશક્ત પરિવારો પૈકી ૨૫૦ પરિવારોને શ્રી સ્નેહલભાઈ તેમજ હેમલભાઈની મદદથી સ્વર્ગારોહણમાં આમંત્રણ આપી ૨૦ કીલો અનાજ, ૫ કીલો કઠોળ (મગ) એક કીલો તેલની કીટ તૈયાર કરી અર્પણ કરવામાં આવી.

શ્રી શાંતાબેનના પરિવારના પ્રતિનિધિ તરીકે શ્રી ભગ-વાનજીભાઈ ભક્ત ઉપસ્થિત રહ્યા જેમના હસ્તે અન્નવિતરણનો આ કાર્યક્રમ સંપન્ન થયો. પૂ. શ્રી માના માર્ગદર્શનથી અનેક ભક્તો પણ સત્કર્મો માટેની પ્રેરણા પામતા જ રહ્યા છે. આ બધા જ દરિદ્રનારાયણોને શ્રી મંજુલાબેન ભક્ત તરફથી એક



નાની થાળી પણ અર્પણ કરાઈ. શિયાળામાં ઉપયોગી થાય તે હેતુથી શ્રી રમેશભાઈ, શ્રી રામભાઈ, ગોકુલભાઈ અને તેમની માતાની સ્મૃતિમાં શ્રી મહાલતાબેન તરફથી કુલ ૨૫૦ ઓઢવા-ના ચારસા મળ્યા, જેનું વિતરણ પણ પૂ. શ્રી માની ઉપસ્થિતિ-માં આ સહયોગીઓના પ્રતિનિધિઓ શ્રી ઈલાબેન, ગુલાબબેન તેમ જ મહાલતાબેનના હસ્તે જ કરવામાં આવ્યું.

પૂ. શ્રી માની ઉપસ્થિતિમાં આ પરિવારો પ્રસાદવિના વિદાય થઈ જ ન શકે. શ્રી આશિષભાઈ (ભાવનગર) તરફથી સૌને બિસ્કીટનો પ્રસાદ અપાયો તો શ્રી દુર્લભજીભાઈ તરફથી સૌ ગાંઠિયાનો પ્રસાદ પામ્યા.

પૂ. શ્રી માની પ્રેરણાથી નિર્માણ થતાં આવાં કાર્યોમાં જ્યારે જ્યારે કોઈ એક વ્યક્તિ મોટું સત્કર્મ કરતી હોય ત્યારે નાનાં નાનાં સત્કર્મો પણ તેની સાથે થતાં જ રહ્યાં છે. એ રીતે જ આજના આ અન્ન વિતરણના સત્કર્મની સાથે નાનાં નાનાં અનેક સત્કર્મો માટેનો અવકાશ ઊભો થયો. દેશવિદેશના ભક્તોદ્વારા આપવામાં આવેલ જૂનાં વસ્ત્રો જે જરૂરિયાતમંદ પરિવારો માટે ખૂબ ઉપયોગી બની રહે છે તેનું વિતરણ પણ આ ૨૫૦ આમંત્રિત પરિવારોને કરવામાં આવ્યું.

'સ્વર્ગારોહણ' સંસ્થાને સહયોગ ધરનાર નાનાં મોટા સૌ સહયોગી ધન્યવાદને યોગ્ય છે. સ્વર્ગારોહણ તે સૌનું છે છતાં સંસ્થાના આંગણે આવા કાર્યક્રમોમાં નિમિત્ત બનનાર સૌનો આભાર વ્યક્ત કરવો જ રહ્યો.

અંબાજી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં 'આરાસુરી ટ્રસ્ટ' અંબાજીદ્વારા અનેક શાળાઓ જંગલના પહાડી પ્રદેશમાં ચાલી રહી છે. આ શાળાઓમાં મોટાભાગના આદિવાસી અને પછાત-વર્ગના બાળકો વિદ્યાભ્યાસ અર્થે આવે છે. જેમની પાસે સારાં

વસ્ત્રોનો પણ અભાવ છે. આ બાળકો પણ પૂ. શ્રી માનાં જ બાળકો છે. તેમના ઉપર પૂ. શ્રી માની કરુણામય દૃષ્ટિ પડતાં આ બાળકોને યુનિફાર્મ સ્વરૂપે સારાં વસ્ત્રો આપવાનું આયોજન થયું. શ્રી સ્નેહલભાઇ, હેમલભાઇ, દિવ્યેશભાઇ, રાજીવભાઇ વગેરેએ ખૂબ ઉમંગથી આ કાર્યને ઉપાડી લીધું. પ્રત્યેક શાળામાં જઇ શિક્ષકો સાથે સંપર્ક કરી, બાળકોની સંખ્યા તેમજ જરૂરી વિગતો મેળવી દૂરના પહાડી પ્રદેશની શાળાઓમાં પગે ચાલીને પહોંચી તેમણે દરેક બાળકોના વસ્ત્રોના વ્યક્તિગત માપ લઇ નોંધ્યાં. શ્રી જાગૃતિબેન ટેલર તથા શ્રી સુમનભાઇ ટેલરે આ માપ પ્રમાણે જ વસ્ત્રો તૈયાર કરી આપવામાં સહયોગ ધર્યો, તો શ્રી બીપીનભાઇ તન્ના દ્વારા સરસ કાપડની ખરીદી કરી છોકરા-ઓ માટે સ્વર્ગારોહણના સ્ટીકર સાથેના શર્ટ—હાફપેન્ટ તો બહેનો માટે ફ્રોક તૈયાર કરવા કાપડ મોકલાયું. અને એક આયોજીત વસ્ત્રદાન યજ્ઞ સ્વર્ગારોહણની તીર્થભૂમિમાં સાકાર બન્યો.

એકાદ વર્ષ પહેલાં પ્રથમ તબક્કામાં છ શાળાના બાળકોને વસ્ત્રવિતરણ યુનિફોર્મ સ્વરૂપે આપેલ. તો બીજા તબક્કામાં બીજી છ શાળાનાં બાળકોને તેનો લાભ મળ્યો. આમ નીચેની ૧૨ પ્રા. શાળાના લગભગ ૯૦૦ બાળકો અગાઉ પૂ. શ્રી માની કરુણાનો આ પ્રસાદ પામ્યા.

(૧) પાડલીયા (૨) કૈંગોરા (૩) વિરમવેરી (૪) બેડા પાણી (૫) શહાપુર સેબલીયા (૬) શહાપુર આંબા (૭) પાનસા (૮) નાઇવાડા (૯) સેબલપાણી (૧૦) ગુંડા ગામ (૧૧) ઘોડા ટાંકણી (૧૨) જૈબેરા.

આ સત્કર્મના ત્રીજા ચરણમાં પૂ. શ્રી માની ઉપસ્થિતિમાં (૧) કોટેશ્વર પ્રા.શાળા (૨) રબારીવાસ પ્રા.શાળા (૩) જરી-વાવ પ્રા.શાળા (૪) ધાબાવાળી વાવ પ્રા.શાળાનાં ૩૫૦



બાળકો માટે વસ્ત્રવિતરણનું આયોજન 'સ્વર્ગારોહણ'માં થયું. કર્પુરવનના શ્રી બળદેવભાઇ મોહનભાઇ ભક્ત આ સત્કર્મમાં આર્થિક સહયોગ ધરવા નિમિત્ત બન્યા. શ્રી બળદેવભાઇનાં ધર્મપત્ની શ્રી સુનીતાબેન શ્રી સત્યસાંઇનાં ભક્ત છે. છતાં પૂ. શ્રી માને મળે છે અને પૂ. શ્રી મા પ્રત્યે અનન્ય પ્રેમ—આદર ધરાવે છે. તેમના સહયોગથી આ સત્કર્મ આયોજીત થયું.

આ પરિવારના વડીલ શ્રી મોહનભાઇ તથા શ્રી જમનાબેન કર્પુરવનથી ખાસ આ કાર્યક્રમ માટે જ સ્વર્ગારોહણ આવ્યાં અને તેમના હસ્તે જ આ નાનાં બાળ દેવતાઓને યુનિફોર્મ વસ્ત્ર-વિતરણ કરાયું.

શ્રી ભગવાનજીભાઇ ભક્ત તરફથી તેમના હસ્તે જ દરેક બાળકોને તેમના પગના માપ પ્રમાણે સ્લીપરનું વિતરણ કરાયું. શ્રી મંજુલાબેન ભક્ત તરફથી દરેક બાળકોને એક સ્ટીલની થાળી, આપવામાં આવી તો આશિષભાઇ ભાવનગર તરફથી બિસ્કીટનો પ્રસાદ અને શ્રી દુર્લભજીભાઇ તરફથી ગાંઠીયાનો પ્રસાદ ઇલાબેન, ગુલાબબેનના હસ્તે અપાયો.

અંબાજી સ્થાનિકની આરાસુરી કન્યા વિદ્યાલયની ૧૫ જેટલી માધ્યમિક શાળાની બહેનોને પણ આજના કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવેલું જેમને શ્રી પ્રભાબેન—સુરત તરફ-થી એક ડ્રેસ અને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું.

એક નાનકડા ગામની શાળાના ૬૩ વિદ્યાર્થીઓ પાસે પાટી ન હોવાની તેમને ગાયત્રીબેન (કર્પૂરવન)ના હસ્તે સ્લેટનું વિતરણ પૂ. શ્રી માની પ્રેરણાથી કરાયું.

પૂ. શ્રી માની પ્રેરણા નાનાં મોટાં સૌ સાધકોને સત્કર્મોની સરવાણી વહાવવા માટે પ્રોત્સાહિત કરતી જ રહી છે. સૌ સાધકો પ્રત્યે સ્વર્ગારોહણ આભાર વ્યક્ત કરે છે.

## પૂ. માના આશીર્વાદ

પૂ. માએ અન્ન અને વસ્ત્રવિતરણ કાર્યક્રમ સમયે ઉપસ્થિત સાધકોને આશીર્વાદ આપ્યા. 'સ્વર્ગારોહણ'માં સત્કર્મનો સૂર્યોદય થયો ત્યારથી શ્રી રાજુભાઇ જાનીની પડખે શ્રી વિજયભાઇ, રેવાશંકર, બીપીનભાઇ ઉભા રહી ગયા. તો સાથે યુવાનમિત્રોની આખી મંડળી જાણે સ્વર્ગારોહણને મળી ગઇ. સ્નેહલ, હેમલ, હિતેશ, અંકુર, અજય, વિજય, દીપક (૨), અશ્વિન, આશિષ (૨), નિલેશ (૨), દિવ્યેશ, રાજીવ, ડો. પીયૂષ, અપુ, દિવ્યેશ, કેતન, મનોજ, તારક, હેમીશ, દર્શન, ઈશ્વરભાઇ, નમન, જાગૃતિબેન, રાધાબેન, તુલસીભાઇ જેવા જાણે સ્વર્ગારોહણના કાયમી મિત્રો બનીને દોડતા આવી જાવ છો. એ સૌ મિત્રોની સેવા ને હાજરીથી માને ખૂબ ખૂબ ગૌરવ છે. એ જ રીતે યુવાન બેનો દીપુ, માયા, જયુ, તેજલ, ગાયત્રી (૩) મયૂરી, ગીતા ટેલર, ગીતાબેન, અરુણાબેન જેવા અનેક બેનો સ્વર્ગારોહણના દરેક કાર્યક્રમમાં સેવા માટે આવી જાય છે. તો માસીઓની કાયમી મંડળી પણ ના ભૂલાય—દમયંતીબેન, મંજુબેન ભાવસાર, મહાલક્ષ્મીબેન, નીલાબેન, કુસુમબેન, મંજુબેન અમીન, તો વળી રંજનબેન અમદાવાદથી દોડતાં આવે, શ્રી વિનુભાઇ અમીન, જયસુખભાઇ, જે.કે., મધુભાઇ, પ્રભુભાઇ, કલ્યાણ, શાંતિભાઇ, ભૂપેશભાઇ, સૌ પણ પોતાનું માનીને હાજર થઇ જાય છે અને એ રીતે સૌને સદા સત્કારવા શ્રી દેસાઇ દંપત્તિ તો કાયમ જ અહીં સેવામાં સમર્પિત થયાં છે.

શ્રી ઘનશ્યામભાઇ તો સ્વર્ગારોહણની દરેક બેઠકમાં પણ અતિનિયમિત. અરે રાતની જપયાત્રામાં પણ એ ભક્ત સતત હાજર. તો ઓફિસના કામમાં પણ અતિનિયમિત રહે છે.

નાનાં મોટાં સૌની સેવા શ્રી હરિદરબારે નોંધાય છે. અમે



પ્રાર્થના પણ કરતા રહીએ છીએ કે આવા નાનાં મોટાં સ્વર્ગારોહણના સત્કર્મના મિત્રોને હે હરિ, તમે સર્વપ્રકારે સુખી કરજો.

તમારા સૌનો સહયોગ ના હોય તો સ્વર્ગારોહણમાં એક પણ સત્કર્મ ન થાય. માટે જે જે અહીં સેવા માટે દોડતા આવે છે તેમનો આભાર. જે નથી આવી શકતા તેમનો પણ આભાર.' **—મા.**

## રાજકોટના સર્વેશ્વરી તીર્થને દસ વર્ષ થયાં.

શ્રી જે. કે. પરિવારે ૨૮—૧૦—૧૯૯૪ ના રોજ રાજકોટ-માં મા શ્રી સર્વેશ્વરી તીર્થની સ્થાપના—સોરઠિયાવાડી વિસ્તારમાં પૂ. માની ઉપસ્થિતિમાં કરેલી. તા. ૨૮—૧૦—૨૦૦૪ ના રોજ આ સ્થાપનાને દસ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે શ્રી જે.કે. ના પત્ની શ્રીમતી મુક્તાબેને સવાલાખ જપ, પ્રણામો ને બાવનીઓ તેમ જ યોગેશ્વર કથામૃતનાં પારાયણ જેવાં સત્કર્મો પૂ. માના શ્રી ચરણે ધર્યાં. વળી તે નિમિત્તે તે દિવસે સત્સંગનો ખાસ કાર્યક્રમ પણ પ્રયોજ્યો.

આ તીર્થની સ્થાપના પછી શ્રી જે. કે. ને ધંધાર્થે બેલગામ પ્રસ્થાન કરવું પડ્યું. તેમ છતાં તેઓ દર મહિને ત્રણ ચાર કલાકના સત્સંગ માટે બેલગામથી છેક રાજકોટ નિયમિત ચાર વર્ષસુધી આવતા રહ્યા. કદી સત્સંગનો કોઇ કાર્યક્રમ ચૂક્યા નહિ. એમની પૂ. મામાંની શ્રદ્ધા ને નિષ્ઠાની કસોટીરૂપ આ રેલપ્રવાસો હતા. છેલ્લા ત્રણેક વર્ષથી પૂ. માની સૂચનાથી હવે તેઓ દર બે મહિને બેલગામથી એકવાર સત્સંગ માટે રાજકોટ આવે છે.

દર મહિનાની ૧૩ તારીખે શ્રી સર્વેશ્વરી તીર્થમાં આજે પણ આ કાર્યક્રમ થતો રહે છે, જેમાં મોટાભાગના રાજકોટના સાધકો તેમ જ બીજા લોકો ઉપસ્થિત રહે છે.

મોરબીના કેટલાક ભક્તોય તેમાં નિયમિત હાજરી આપે છે.

શ્રી યોગેશ્વર પરિવાર સિવાયના પણ આસપાસમાં વસતા લોકો અહીં દર્શનાર્થે આવે છે, તે તેની વિશેષતા છે.

### સ્વર્ગારોહણમાં

# પૂ. માના જન્મદિવસની ઉજવણી

ડો. બી. જે. જાગાણી

સ્વર્ગારોહણ તીર્થમાં મા–પ્રભુના ભક્તો–સાધકો તા. ૧૦–૧૧–૦૪ થી આવતા જાય છે. કારણ એટલું જ પૂ. માનો જન્મ દિવસ તા. ૧૩–૧૧–૦૪ના રોજ છે, વિક્રમ સંવતનું નવું વર્ષ છે, ગરીબોને અનાજ વિતરણનો કાર્યક્રમ છે, અને 'અધ્યાત્મ' માસિક પ્રસિદ્ધ કરવામાં સહયોગીઓના સન્માનનો કાર્યક્રમ છે. આ ચતુર્વિધ કાર્યક્રમને કારણે તા. ૧૩–૧૧–૦૪ ના રોજ ૫૦૦ કરતાં પણ વધારે સાધકો જુદા જુદા ધ્યાન-કેન્દ્રોમાંથી આવ્યા છે.

વાતાવરણમાં શીતળતા છે. આગલા દિવસે સૂચના મળે છે કે સૌએ પ્રભાત વંદના માટે સવારે ૬–૦૦ કલાકે તૈયાર રહેવું. તે પ્રમાણે સૌ તૈયાર થઇ જાય છે. 'પ્રાતઃ સ્મરણં શ્રી ગુરુચરણં' મંત્રનું ગાન જયુબેન, મીરાબેન અને દમયંતીબેન કરાવે છે. કુટિયા અને બગીચા ફરતે આ મંત્રગાન સાથે સૌ પ્રદક્ષિણા કરે છે. 'સર્વેશ્વરી મા વંદુ તમોને' એ પદ ગાયકવૃંદ પૂ. માની પ્રતીક્ષા કરતાં કરતાં ગાય છે. પૂ. મા તો પોતાના ખંડમાં એક લાખ મંત્ર જપ કરવામાં આગલા દિવસથી જ મસ્ત ને વ્યસ્ત છે. આ પદનું ગાન પૂર્ણ થયું ને સૌ સામુહિક પ્રણામ માટે ખંડ-માં એકત્રિત થાય છે. અર્ધા કલાક સુધી કેસેટ પરના ગાન સાથે સામુહિક પ્રણામ થાય છે. કોઇ ૨૦૦ પ્રણામ કરે છે તો કોઇ વળી ૪૦૦ પ્રણામ કરે છે. પ્રણામ વંદનાનો આ કાર્યક્રમ સરસ રીતે પૂર્ણ થાય છે.



સૌ નાસ્તો કરીને ફરી ખંડમાં ગોઠવાય છે. પૂ. માને ૬૧ વર્ષ પૂર્ણ થાય છે, એટલે ૩૦ યુવકો ને ૩૧ યુવાન બહેનો અને છડીદારના વેશમાં સજ્જ ડો. પીયૂષભાઇ અને શ્રી દિવ્યેશભાઇ પૂ. માના ખંડ બહાર સ્વાગત માટે તૈયાર થઇ ઊભા રહે છે. પૂ. મા પૂ. શ્રીનું સ્વરૂપ હાથમાં લઇને ધીમી ચાલે ૯–૩૦ કલાકે પધારે છે. સૌ ભક્તો દર્શન માટે કતારબંધ ઉભા છે. પૂ. માના દર્શન કરીને આનંદથી હરખી ઉઠે છે. ગાયકવૃંદ તો મંત્રગાનમાં મસ્ત છે. શ્રી અજયભાઇ કલોલા શંખનાદ કરીને વાતાવરણની દિવ્યતામાં વધારો કરી દે છે. શ્રી પંડિતજી મંત્ર-ગાન, શ્લોકગાન ને વિવિધ પદોનું ગાન કરીને વાતાવરણ ભક્તિસભર કરી દે છે. નાનાં નાનાં બાળકો હાથમાં ધ્વજ રાખીને પૂ. માનું સ્વાગત કરી રહ્યાં છે. શ્રી દવેભાઇના પરિવારે પૂ. માને તિલક કર્યું. 'ધન્ય કપૂરાની ધરા, ધન્ય માત ને તાત,' 'દેવી નમન હો શતવાર મારા', 'ચૈતન્યમયી વિજ્ઞાનમયી' ધૂન પણ ગવાય છે. પૂ. મા ખૂબ પ્રસન્નતાથી કરકમળ વડે તાલ આપી રહ્યા છે. વચ્ચે વચ્ચે બાજુમાં ઉભેલા છડીદારો સાથે સ્લેટ પર લખીને પૂ. મા મુક્ત ને નિર્દોષ હાસ્ય કરતાં જાય છે. આ દૃશ્ય જોઇને સહુને આનંદ થાય છે.

૯–૪૦ કલાકે પૂ. શ્રીની અમૃતવાણી વિડિયો કેસેટદ્વારા સાંભળવા મળે છે. દિવાળી ને નૂતનવર્ષનું મહત્ત્વ પૂ. શ્રી સમજાવતાં કહે છે કે 'ભગવાન રામ વનવાસ કરીને સીતામાતા સાથે અયોધ્યામાં પાછા ફરે છે એટલે અયોધ્યાવાસીઓ ઘરે ઘરે દીવા પ્રગટાવીને સ્વાગત કરે છે. આ ઉજવણી પાછળ આ એક ઘટના મનાય છે. દિવાળીની ઉજવણી પાછળની બીજી ઘટના એ છે કે પૃથ્વી પર અસૂરોનો નાશ જગદંબાએ કર્યો ને સૌને આનંદ થયો. આ આનંદનું પર્વ એટલે દિવાળી.' નવા વર્ષનો

સંદેશ ને આશીર્વાદ આપતા પૂ. શ્રી કહે છે કે 'જ્ઞાન, પ્રેમ, દયા, ક્ષમા, સંયમના દીપકને હૃદયમાં પ્રગટાવીએ. સેવાથી સંપન્ન બનીએ. કેવળ બહાર જ દીવાઓ પ્રગટાવીએ નહીં, પણ પ્રેમના દીવા ભીતરમાં પણ પ્રગટાવીએ. સમાજને ઉપ-યોગી થઇએ. જીવનને નૂતન વ્રતોથી શણગારીએ. વ્યસનો છોડીએ. પ્રભુમય, સેવામય ને આદર્શ જીવન જીવવાનો સંકલ્પ કરીએ, જીવનનો સંતોષ લઇએ. જનતાને અવિદ્યારૂપી અંધકાર ને પ્રજ્ઞાના—જ્ઞાનના દીપકથી દૂર કરીએ. સૌની સુખ—શાંતિ ઇચ્છીએ છીએ. સૌને અભિનંદન આપીએ છીએ.'

પૂ. શ્રી મા ભગવતીની સ્તુતિ ગાય છે. 'દર્શન આપો વર આપોને, ઇચ્છા સર્વે પૂર્ણ કરો.' સર્વેશ્વરી મહાદેવી સર્વલોક નિવાસીની, નમું તેને નમું તેને વારંવાર નમું નમું,' 'જે દેવી સર્વભુતોમાં, શાંતિરૂપે વસી રહી.' આ સ્તુતિનું ગાન વિડિયો કેસેટમાં પૂ. શ્રીના શ્રીકંઠે થઇ રહ્યું છે. ભક્તો એ સ્તુતિ સાથે ગાઇ રહ્યા છે. જે દેવીની સ્તુતિ થઇ રહી છે તે દેવી (મા) તો સાક્ષાત્—પ્રત્યક્ષ સહુ સમક્ષ વિરાજી રહ્યાં છે. એ દશ્યથી ભક્તો સતયુગમાં જીવતા હોય ને ધન્યતા અનુભવતા હોય તેમ જણાઇ રહ્યું છે. પૂ. શ્રીની અમૃતવાણીનું શ્રવણ પૂરું થયું કે તરત જ શ્રી પંડિતજી પૂ. શ્રી રચિત પદ ગાય છે. 'સકળ સૃષ્ટિનું મધુ લઇને, બન્યું મારી માનું મુખ.' શ્રી દમયંતીબેન 'લાખો વંદન કરીએ માડી રે' એ પદ પોતાના સુરીલા કંઠે ભક્તિભાવથી ગાઇને સાધક—ભક્તોને ભક્તિરસથી નવડાવી દે છે, તરબોળ કરી દે છે.

'હવે આપણી પ્રાર્થના સાંભળીને પૂ. મા જ બોલશે.' એવું શ્રી રાજુભાઇ જાની કહે છે. પૂ. માને માઇક ધરે છે. પણ પૂ. માને તો ૧૯૯૫ થી મૌન છે. એટલામાં આશ્ચર્યપણે પૂ. માની



અમૃતવાણી વિડિયો કેસેટદ્વારા સાંભળવા મળે છે. ૧૯૯૦ માં પૂ. માએ ૧૩ નવેમ્બરે—જન્મ દિવસે વડોદરામાં જે વાણી સંભળાવી હતી તે ફરી ૧૪ વર્ષ પછી સાંભળવા મળે છે. એ વાણી પ્રવાહનો સંક્ષિપ્ત સાર આ મુજબ છે. 'અમે જે કાંઇ છીએ તે માતા—પિતા, વડીલોને લીધે છીએ. એમને મસ્તક નમાવવું એ મારી ફરજ છે, આશીર્વાદ માગીએ છીએ. સર્વ પ્રકારે ઉર્ધ્વ થવાની પ્રભુ શક્તિ આપે.' 'હું તો રમકડું રે યોગેશ્વરજી નાથનું' એ પદ પૂ. માએ રચેલું છે. પોતાનું જીવન કેવી રીતે ઘડાયું, માતા—પિતા, પૂ. યોગેશ્વરજીએ કેવી કૃપા કરી તે એ પદના શ્રવણથી ખ્યાલ આવે છે.

પૂ. શ્રીએ અમને ઉકરડા પરથી ઉંચકીને આ જીવને મંદિરે પહોંચાડ્યો છે. પીઠબળ આપ્યું. સતત સાનિધ્ય આપ્યું. પ્રશસ્તિ કરી.

**'એક જ કૂદકે મા ભગવતીના ખોળામાં બેસી જઇએ તો તાકાત છે કોઇની ઉતારવાની?'** પૂ. મા હીંચકા પર ધીમે ધીમે હીંચકતાં હીંચકતાં આ વાણી પ્રવાહ વહાવે છે ને નીચે બેઠેલા ભક્તોને આ ઉક્તિ દ્વારા ગર્ભીત ઇશારો કરે છે કે પ્રભુના માર્ગે કેવળ વિચાર કરીને બેસી ન રહેવાય. તે માટે તો હિમ્મતપૂર્વક ઝંપલાવવું પડે. તે પછી જ પ્રભુ બધું સંભાળી લે.

'પૂર્વગ્રહો, મમત્વ, આસક્તિના બંધનમાંથી એક ડગલું આગળ જઇશું તો પરમ પ્રકાશના દર્શન થશે. અમે કપૂરા છોડ્યું. સ્વપ્ને પણ નથી લાગતું કે આ નિર્ણય ખોટો હતો. સંસ્કારી માતા—પિતાના પરિવારમાં જન્મ આપ્યો. અમારા પર આશી-ર્વાદની વર્ષા વરસાવી. તમે સૌએ ગુણગાન ગાયાં. અમે કાલી-દાસ—ભીખીબાની માટીનું રમકડું છીએ. સંતશ્રી યોગેશ્વરજીના નિભાડામાં એ રમકડું પાક્યું. તમને એમ લાગ્યું કે આ રમકડું

નથી. એ તો મંદિરની મૂર્તિ છે. મંદિરના પાયાના પત્થર જેમ દેખાતા નથી, તેમ આ મૂર્તિના માતા—પિતા પાયાના પત્થર છે. મહાપુરુષ આવે છે ને પક્વે છે. કરમાયેલી કળીમાંથી સુંગંધિત પુષ્પ બનાવ્યું.'

'સુરતમાં કોટ્યર્કનગરમાં અમે રહેતાં. રાત્રે લાંબા થઈને સૂતાં નહીં. આશાબેન આ દૃશ્ય જોતી. અમારી આંખમાંથી પ્રાર્થના વખતે આંસુ વહેતા. પૂ. શ્રીનો ઉતારો અમારે ત્યાં હતો. અમે તો પ્રાર્થનામાં લીન હતાં. પાછળ આવીને પૂ. શ્રી ઉભા રહ્યા. બધું જોયું. પૂ. શ્રીએ 'સર્વેશ્વરી એક પરિચય' પુસ્તક લખ્યું છે. અમારી પર પૂ. શ્રીએ ૧૦૦ જેટલા પત્રો લખેલા. તેમાં પણ પૂ. શ્રીએ બધું વ્યક્ત કર્યું છે. ભક્તો કહે કે આ પુસ્તક સ્વરૂપે બહાર પાડો. અમે કહ્યું કે અમે ઉપર જઈએ પછી બહાર પાડજો. અત્યારે તો અમારું જીવન જુઓ, શું બોલીએ છીએ, શું કરીએ છીએ તે જ જુઓ.'

પૂ. મા પછી સ્વરચિત પદ ગાય છે. 'પ્યાલી પીને બની મસ્તાની, કોઈ વાટ જુઓ ના મારી' પૂ. માને પૂ. શ્રીએ દીક્ષા આપ્યા પછી જે અનુભૂતિઓ થઈ તેનું રોચક વર્ણન પૂ. મા આ પદ ગાઈને કરે છે. 'જાગીને જોયું તો યોગેશ્વરજીની મૂર્તિ દશે દિશામાં દેખાવા લાગી.' આ હતી ભક્તિની મસ્તીની પ્યાલી. પૂ. માની વાણીની આ તો આછેરી ઝલક હતી. તાદૃશ વર્ણન જોવું હોય તો કેસેટ જોવીજ રહી. ને પૂ. માની જુસ્સાભરી વાણી સાંભળવી રહી.

હવે નાનકડી દિશા 'ૐ મા જય મા જય જય મા'ની ધૂન ગવડાવે છે. 'તમે બધા અહીં (સ્વર્ગારોહણમાં) શા માટે આવો છો? માના જીવનમાંથી શું મળે છે?' આ પ્રશ્નનો ઉત્તર આપવા ક્રમશઃ ૯૫ સાધક ભાઈઓ—બહેનો ઊભા થાય છે. એકાદ



મિનિટના સમયમાં સૌ પોતાની રીતે જવાબ આપે છે. જવાબો-નું વર્ગીકરણ આ મુજબ થયું.

૧. પૂ. માનું દર્શન, સાન્નિધ્ય, ષડ્‌રિપુમાંથી મુક્તિ મેળ-વવા, કૃપા પ્રાપ્ત કરવા, મા ઈચ્છે તેવું જીવન બનાવવા, વ્યસનો છોડવા, જીવનનો ભાર હળવો કરવા, જીવન જીવવાની કળા શીખવા, સેવાનાં કાર્યો કરવા, નિઃસ્વાર્થ જીવન જીવવા, જીવન ઘડતર કરવા, નમ્રતા, પ્રેમ, લાગણી માટે સ્વર્ગારોહણમાં પૂ. મા પાસે આવીએ છીએ.

૨. નિત્ય નવું દર્શન પામવા, દુર્ગુણોને દૂર કરવા, પ્રભુ-પ્રાપ્તિ માટે, ભક્તિ માટે, મારૂપી થાપણને સાચવવા, મા જ ખેંચી લાવે છે માટે, આશીર્વાદ પ્રાપ્ત કરવા, વિશેષ પ્રકારે પૂ. માનો આભાર માનવા, ટી. વી. ના દૃશ્યોથી બચવા, સ્કૂલે ન જવું પડે માટે, સત્કર્મો કરવા, પૂ. મા પાસેથી જીવન વિકાસનું માર્ગદર્શન લેવા, શાંતિ પ્રાપ્ત કરવા, પ્રસાદ માટે, જિંદગીની સફળતા માટે, નિયમપાલન શીખવા, પ્રણામ સાધના થાય, મિષ્ટાન્ન મળે માટે, સ્વર્ગની અનુભૂતિ કરવા, શરીરરૂપી બેટરી ચાર્જ કરવા, મા 'નેહભરી નજરે નિહાળે' તે માટે પૂ. માના સાન્નિધ્યમાં આવવાનું મન થાય છે.

૩. ઘરમાં જે નથી મળતું તે અહીં મળે છે માટે, માનું યુગ-કાર્ય જોવા, મા મારો હાથ પકડશે તો ઈશ્વરના દરબારમાં સ્થાન મળશે માટે, રમવાનું મળે છે માટે, ભણતરમાં આશીર્વાદ મળે છે, ફૂલવાડીમાં સહભાગી થવા, પ્રાર્થના માટે, માનવમાંથી આદર્શ માનવ ને મહામાનવ બનવાની તાલીમ લેવા, સ્વચ્છતા-ના પાઠ શીખવા, મિત્રો બનાવવા, મા અમારા જીવનમાં મળ્યાં છે તો તેની પાસે ના આવીએ તો ક્યાં જઈએ? આ માટે અહીં આવીએ છીએ.

અમદાવાદથી શ્રી તરલાબેન દેસાઇ આવ્યાં છે. પૂ. મા પર ત્રણ લેખો તૈયાર કરીને વાવ્યાં છે. તેનું વાંચન કરે છે ને ટિપ્પણ પણ કરતાં જાય છે. પૂ. માના જીવનપર પ્રકાશ પાડ-નારા, ભક્તોને સાચી સમજ ધરનારા આ લેખોનું પ્રકાશન ક્રમશઃ 'અધ્યાત્મ' માસિકમાં થશે એટલે તેની અહીં નોંધ રજૂ કરી નથી.

બપોરના ૧–૦૦ કલાકનો સમય થયો છે. પૂ. માએ લખેલો નૂતનવર્ષનો સંદેશ શ્રી રાજુભાઇ વાંચી સંભળાવે છે.

**'ૐ યોગેશ્વરાય નમઃ' નૂતનવર્ષે આપણો જીવનગ્રંથ પવિત્ર ને પૂર્ણ બનો. ગુરુદેવ પ્રભુનાં પ્રિય કાર્યો કરવા સક્ષમ બનીએ.**

**જ્યારે જ્યારે સ્વર્ગારોહણ કે મા પાસે આવીએ ત્યારે ત્યારે અધ્યાત્મરંગી નિયમોનું ભાથું વધારીને આવીએ.**

**સ્વર્ગારોહણની કાર્યક્રમની દરેક પ્રણાલિકાને સન્માનતાં શીખીએ.**

**જન્મદિન એક લાખ મંત્રજપથી અમે તો મનાવી શક્યાં એ પ્રભુની કૃપાને વંદન. એ રીતે દરેકને પોતાના જન્મદિન મના-વવાની શક્તિ શ્રી હરિ ધરે એવી પ્રાર્થના.**

**સૌનું મંગલ થાઓ. સૌનું કલ્યાણ થાઓ. સૌ સર્વ પ્રકારે સર્વશ્રેત્રે, સર્વ કાળે સુખી થાઓ.**

**સૌ આ સ્વર્ગારોહણના તીર્થક્ષેત્રે પધાર્યા. સૌને અભિનંદન. સૌમાં પ્રેમભાવનો સ્વીકાર કરી શ્રી ગુરુચરણે મસ્તક ધરીએ.**

**મા.'**

સૌ સાધકો પૂ. માના આશીર્વાદના આ શબ્દો, વાક્યો ને શબ્દગૂચ્છના ગર્ભીત ભાવો–અર્થોને સાફલ્યતાને માણી રહ્યા હતા. પોતાના અંતઃકરણ મુજબ આશીર્વાદ પત્રને મૂલવતા હતા. કેટલાક સાધકોએ તો કહ્યું કે આ આશીર્વાદની પ્રત મળે



તો કેવું સારું? એ ભાવનાની પૂર્તિ અહીં થાય છે.

યુવાન સખીઓ અને યુવાન મિત્રોને પૂ. મા વિશેષ આશી-ર્વાદ આપે છે. પત્ર સ્વરૂપે લખાયેલ આ આશીર્વાદ પણ શ્રી રાજુભાઇ જાની વાંચી સંભળાવે છે.

**'અમારી યુવાન સખીઓ ને યુવાન મિત્રો. વિશેષ અભિ-નંદન. વિશેષ આશીર્વાદ. કેવો અદ્ભુત પ્રેમભાવ તમે સૌ મા ઉપર વરસાવો છો. વરસાવતા રહેજો.**

**ગુરુદેવપ્રભુની પ્રસન્નતા માટે દોડતા દોડતા ફરી ફરી સ્વર્ગા-રોહણ પધારજો. મા રાહ જોશે. દરેક સત્કર્મની સફળતા પાછળ પ્રભુની કૃપા અને તમારું જ સંઘબળ, સંપબળ, સ્નેહબળ છે તે યાદ રહે. આશીર્વાદ. મા'**

### અધ્યાત્મની સેવાનું સન્માન

અધ્યાત્મ માસિક પ્રસિદ્ધ થાય છે. આ કાર્ય સાથે સંકળા-યેલા તંત્રી શ્રી નારાયણભાઇ જાની, તેમ જ શ્રી બાબુભાઇ વ્હોરા, શ્રી જાગાણી, શ્રી હિતેશભાઇ, શ્રી ભૂપેન્દ્રભાઇ, શ્રી ઉપેન્દ્રભાઇ તથા શ્રી પારૂલબેન ભટ્ટનું સન્માન પૂ. માના હસ્તે થાય છે. દરેકને કુટિયાનું સ્વરૂપ, પૂ. મા–પ્રભુના નાનકડાં સ્વરૂપો અને પુરસ્કારનું એક કવર પૂ. મા આપે છે. આ પ્રસંગે શ્રી નારાયણભાઇ જાની અને શ્રી હિતેશભાઇ પ્રાસંગિક ઉદ્-બોધન કરે છે.

શ્રી નારાયણભાઇ કહે છે કે, 'જીવનમાં કેટલાંક દિવસો અવિસ્મરણિય–શ્રેષ્ઠ હોય છે. મારા જીવનમાં એ દિવસ શ્રેષ્ઠ હતો કે જે દિવસે પૂ. શ્રીએ 'અધ્યાત્મ' માસિકની જવાબદારી અમને સોંપી. 'અધ્યાત્મ' માસિક ચલાવવાનો યશ પૂ. શ્રી અને પૂ. માને ચરણે ધરું છું. એમની કૃપાવિના આ માસિક ચલાવવું અશક્ય છે. પૂ. શ્રીએ અમને એક અંગત સલાહ આપેલી. 'કે

કદી ના માનતા કે મારું છે તે સારું છે. આખી દુનિયામાં જે સારું છે તે મારું છે તેમ માનજો ને છાપજો.' સંપાદક તરીકે વાચકોને ના ગમે તેવું મારું લખાણ હોય તોપણ ના છાપતા.'

'અમને તો પ્રકાશનનો અનુભવ ન હતો. પૂ. શ્રી કહે 'કામ કામને શીખવે. અમારામાં જેને વિશ્વાસ હોય તેને આ કામ સોંપીએ છીએ.' પ્રથમ અંક ઓક્ટોબર ૧૯૭૯ માં પ્રસિદ્ધ થયો. 'વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.' પૂ. મા રચિત પદની ઉક્તિ મુખપૃષ્ઠ પર છાપી. આથી પૂ. શ્રી ખૂબ પ્રસન્ન થયા. આજસુધી આ અધ્યાત્મ માસિક કોઈ પણ પ્રકારના અવરોધવિના નિયમિત રીતે પ્રસિદ્ધ થતું રહ્યું છે.'

પૂ. માએ અધ્યાત્મ સાથે સંકળાયેલા સૌ સન્માનિતો માટે આશીર્વાદનો પત્ર લખી આપ્યો. જે વાંચી સંભળાવ્યો.

**'અધ્યાત્મના આજીવન સેવકો.**

**તમારા સહયોગથી પૂ. શ્રી ગુરુદેવપ્રભુનું આ અધ્યાત્મ સરસ રીતે પ્રગતિ કરતું રહ્યું છે.**

**હે હરિ! આ સેવકોને સ્વસ્થ રાખો તનથી, મનથી, ધનથી. શ્રી નારાયણદાદાની આ સેવકમંડળી શ્રી હરિદરબારે પણ ઝળહળજો.'**

**તંત્રીને પૂ. માનાં આશીર્વચન**

ૐ યોગેશ્વરાય નમઃ ૧૨–૭–૦૪

**અધ્યાત્મના પ્રાણ શ્રી નારાયણદાસ શ્રી સરસ્વતીજી**

**ધન્યક્ષણે તમારા હાથમાં શ્રીહરિએ અધ્યાત્મનો રથ સોંપ્યો. તમે અનેક ખાડાટેકરા વચ્ચે તે દોડાવતા રહ્યા. અનંતની વાટે આજે તો અધ્યાત્મ અલૌકિક રીતે આગેકૂચ કરી રહ્યું છે. કારણ તેના પ્રાણ તમે છો. હતા. હશો.**

**શ્રી સરસ્વતીબેન જેવા પવિત્ર સાધ્વીસમા ધર્મસખીનો સતત સહયોગ, ઉત્સાહ, હૂંફ, સતત મીઠી ટકોર ને કાર્ય પરત્વે જગાડતા રહેવાનો સ્વભાવ તંત્રીપદને સફળતા ધરતા રહ્યા.**



**તમારા હાથમાં અધ્યાત્મ જ ના સોંપાયું હોત તો? જીવન વિકથામાં વીતી જાત. આ તો અનંતજન્મોની લાંબી જાળને કાતર મળી છે. પૂ. શ્રીએ એક જ જન્મમાં સુદામાનું સર્વ દળદર હઠાવવાની આ તો યોજના ઘડી હતી.**

**તમારું મન, તમારા હાથ, તમારી આંખ, તમારા પગ, તમારો જાણે એક એક શ્વાસ અધ્યાત્મ માટે જ સાર્થક થઈ ગયો. આયુષ્ય એટલે જ તો લંબાતુ ગયું છે.**

**જીવતા જ શ્રદ્ધાંજલિમાં અમે તો કહીશું સાચે જ હે નારાયણ તમે જીવન ધન્ય કર્યું. અધ્યાત્મ માટે તો જાણે જીવન ન્યોછાવર કરી દીધું. શ્રીકૃષ્ણનું સખ્ય અધ્યાત્મના સાધને દીપી ઊઠ્યું.**

**જીવવાનું એક બળ અધ્યાત્મ, સાધનાનું એક સર્વોત્તમ સાધન અધ્યાત્મ, સ્વર્ગારોહણ કરવાની એક માત્ર પગદંડી અધ્યાત્મ. હે અધ્યાત્મના સારથિ જીવજો. સ્વસ્થ તન, મન, ધનથી.''—મા.**

કાર્યક્રમ પૂર્ણ થવા તરફ જઈ રહ્યો છે. ઘડિયાળમાં પણ ૨.૧૫ કલાક થઈ ગયા છે. પૂ. મા સ્લેટપર લખે છે. 'મૂળ વાત ભોજનની. આજે તમારો સમય મા ના લે. તમારા ભોજન-ની આડે મા ના આવે એટલે મા અહીંથી વિદાય લે છે. ને જેને પ્રણામ કરવા હોય, પ્રસાદ લેવો હોય તે ઉપર આવે. બાકીના સૌ પ્રેમથી જમે. ઉપરના રૂમમાં આવીને મળી શકે જેથી અહીં ભોજનની વ્યવસ્થા થઈ શકે.'

ભક્તો જમવા બેસે છે. પૂ. મા પોતાના ખંડની બાજુના ખંડમાં બિરાજે છે. વ્યવસ્થા મુજબ ભક્તો પૂ. માના દર્શન કરે છે, નૂતનવર્ષના આશીર્વાદ મેળવે છે. પૂ. મા દરેકને રૂા. ૫/– અને સૂકા મેવાનો પ્રસાદ આપે છે. આજે શ્રી ગુલાબબેન (પનામા) તરફથી મિષ્ટભોજન હતું. સૌ પ્રેમથી જમે છે.

### સાંજે અન્નવિતરણનું સત્કર્મ

બપોર પછી ૪.૪૫ કલાકે પૂ. મા અન્નવિતરણના કાર્યક્રમ-માં પધારે છે. જપની મસ્તીમાંથી સેવાની મસ્તીમાં સહજ રીતે ભળી જાય છે. યોગતીર્થની સામે સૌ ભક્તો બેઠા છે. વચ્ચે એક સાદો સોફા છે. પૂ. મા તેના પર બિરાજે છે. યુવાભક્તો શ્રી હેમલ, શ્રી સ્નેહલ, શ્રી દિવ્યેશ, શ્રી નિલેશ, શ્રી અંકુર વગેરેએ સેવાયજ્ઞની નવી સરવાણી શોધી છે.

પૂ. માનો જન્મદિવસ છે. ૧૦૮ ગરીબ પરિવારને અન્ન-દાન કરીએ તો? બસ, આટલો સંકલ્પ કર્યો ને ગુપ્ત રાખ્યો. જુદા જુદા ધ્યાનકેન્દ્રોના કેટલાક ભક્તો પાસેથી પ્રત્યેકના રૂા. ૧૩૦૦ નું યોગદાન મેળવી કુલ ૧૦૮ ગરીબ પરિવારને દાન માટે શોધ્યા. અંબાજીની આસપાસના ગામના આ પરિવારોને ૨૦ કી. ગ્રા. બાજરો, સ્ટીલની એક બરણી, ૫ કી. ગ્રાં. મગ, ૧ કી. ગ્રા. તેલ, એક ટુવાલ, પ્રસાદ, બિસ્કીટ ને મુસાફરીના ખર્ચ પેટે રૂા. ૨૦/— દાન સ્વરૂપે આપ્યા. સેવામાં સૌનો સક્રિય સહયોગ રહ્યો. જે ભક્તોએ આર્થિક સહયોગ આપેલો, તેના હાથે જ પૂ. માએ આ દાન કરાવ્યું. પૂ. માએ પણ એક ગુણી જાતે ઉંચકીને, એક પરિવારનો સભ્ય જ્યાં બેઠો હતો ત્યાં જઈને અર્પણ કરી. સૌમાં પ્રભુના દર્શન કરવાની અનોખી રીતના પ્રત્યક્ષ દર્શન કર્યાં. પૂ. મા હવે આ કાર્યક્રમની પૂર્ણાહુતિ પછી પોતાના ખંડમાં પધારે છે.

પૂ. માના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે થાય તે માટે યુવાન સખીઓએ (જયુબેન, દીપુબેન, બીજલ, મયૂરી વગેરે) પણ ૮૬ બહેનોને અઠવાડિયા અગાઉ ફોન કરીને જુદા જુદા ધ્યાનકેન્દ્રોમાં જાણ કરી કે પ્રત્યેકે ૧૨૫૧ માળા કરીને પૂ. માના ચરણે મંત્રજપ ધરવા. આ ગુપ્ત કાર્યક્રમ પણ વિશિષ્ટ રીતે



થયો. સેવા, સત્સંગ, સાન્નિધ્ય, મા—પ્રભુની અમૃતવાણીનું શ્રવણ, પ્રત્યક્ષનાં—પ્રગટનાં દર્શન, સન્માન, વાર્તાલાપ સુરુચિકર ભોજન-નો આસ્વાદ, જપ, પ્રાર્થના, સંકીર્તનના દિવ્ય માહોલમાં ૧૩—૧૧—૨૦૦૪ નો દિવસ ઉજવાયો. સૌને આનંદ થયો ને નવા વર્ષની શુભ શરૂઆત આવી દિવ્યતાથી થઈ.

### સાંસ્કૃતિક કાર્યક્રમો

રાત્રે ૮.૦૦ કલાકે મંત્રગાન સાથે બેઠક શરૂ થાય છે. ૬૧ બહેનો ગરબાથી સજ્જ છે. નાની બાલિકાઓ ખાસ ડ્રેસમાં તૈયાર થયેલ છે. યોગતીર્થની સામે સૌ ભક્તો ત્રણ બાજુએ બેઠા છે. વચ્ચે થોડી જગ્યા ખાલી છે. પૂ. મા માટે એક સોફો તૈયાર છે. આખું યોગતીર્થ ઈલેક્ટ્રિક સીરીઝથી શણગાર્યું છે. પૂ. માનું આગમન થાય છે. છ નાની બાલિકાઓ લશ્કરના ડ્રેસમાં સજ્જ છે. પૂ. માની સાથે પરેડ કરતાં કરતાં ચાલે છે. 'સ્વાગતમ્'નું ગીત ગવાય છે. હાર્દિક સ્તુતિ ગાય છે. નયન-રમ્ય દૃશ્ય ખડું થાય છે. જાનકી, દિશા, મોક્ષા, અવની, ગોપી વગેરે જગદંબાને પૃથ્વીપર અવતરવા ગીત રજૂ કરે છે. શ્રી અજય કલોલા, શ્રી જયુબેન, શ્રી રવજીભાઈ સંવાદો રજૂ કરીને પૂ. માના જીવન, સાધના, આશીર્વાદ, કૃપા પ્રેમપર પ્રકાશ પાડે છે. પ્રત્યેક સાધકના હાથમાં પ્રજ્વલિત દીપક મળે છે. પૂ. મા સમક્ષ સૌ મહાઆરતી કરે છે. આરતી પછી પૂ. મા સ્લેટ-પર લખે છે. **'આજે અમને ખૂબ આનંદ છે. સૌએ યોગતીર્થ-માં બિરાજેલા પૂ. શ્રીની આરતી ઉતારી છે. અમે હાથ જોડી સતત પ્રાર્થના કરતાં હતાં કે આ ભક્તોએ ઉતારેલી યોગતીર્થની આરતી હે પ્રભુ! મંજૂર રાખજો ને આશીર્વાદ આપજો. યોગ-તીર્થનું આ દર્શન ને તેની આજની આ આરતી ખરેખર પ્રભુને પ્રસન્ન કરે તેવી હતી. આ રીતે પહેલીવાર સાથે મળી યોગ-તીર્થની આરતી સૌએ ઉતારી. ધન્યવાદ.'**

ગોપી–કૃષ્ણનો રાસ શ્રદ્ધા, કૃપા (જાગાણી), કૃપા (કલોલા), પવિત્રા, કૃતિ, પાયલ, દેવાંગી, પુનિતા, પૂજા (કલોલા), ધ્વનિ, પૂજા, ગાર્ગીએ રજૂ કર્યો. 'રાધા ને કૃષ્ણ આજ સંગે રમે રાસ'-ના ગીતપર સૌને મંત્રમુગ્ધ કરી દેનારો આ રાસ હતો. રાત્રિનો સમય છે, વાતાવરણમાં શીતળતા છે, આકાશમાં તારાઓ ટમ-ટમી રહ્યા છે. જાણે પૂ. મા જ શક્તિસ્વરૂપે આ બાલિકાઓનું રૂપ લઈને રમી રહ્યાં છે એવું જણાય છે. પૂ. માને આ રાસ ખૂબ ગમ્યો, એટલે ફરી વખત કરાવે છે. પ્રસન્ન વદને, તાલ આપીને પૂ. મા આ રાસ નિહાળી રહ્યાં છે. આ દશ્ય કેમેરામાં, વિડિયોમાં કંડારવા શ્રી દીપકભાઈ, શ્રી હેમલ, શ્રી દિવ્યેશ, શ્રી ચંદ્રકાન્તભાઈ બધા લાગી ગયા છે.

આ રાસની બાલિકાઓને પૂ. મા સ્લેટમાં કંઈક લખીને આશીર્વાદ આપતાં હતાં. ત્યાં વિસ્મયકારક પ્રસંગ નાટકસ્વરૂપે બને છે. શ્રી દીપકભાઈ ને શ્રી કલ્યાણ વિશિષ્ટ પ્રકારના વિદેશીના ડ્રેસોમાં સજ્જ થઈને પ્રસ્તુત થાય છે. કોઈ ઓળખી શકતું નથી. પછી જ્યારે ઓળખાય છે ત્યારે સૌ પ્રસન્ન થઈ ઝૂમી ઉઠે છે. પૂ. મા તો મુક્ત હાસ્યની છોળો ઉડાડે છે.

મુંબઈની નાનકડી હમીબેન જીવી રબારણનો સંવાદ નાટક-સ્વરૂપે રજૂ કરે છે. તો જહાન્વી 'જય સોમનાથ'ની આરતી કરે છે. સૌરાષ્ટ્રની તળપદીભાષામાં પૂ. માના જીવન, આશીર્વાદ, કૃપા, સાધના ને સહજ સ્નેહ એક નાટક શ્રી વિજય કલોલા, શ્રી અજય કલોલા, શ્રી વિજય કનેરિયા, શ્રી રાજુભાઈ જાની, શ્રી દમયંતીબેન, શ્રી માયાબેન, શ્રી જાગાણી રજૂ કરે છે. પૂ. મા નાટકના સંવાદોથી ખૂબ પ્રસન્ન થાય છે. નાટક પૂર્ણ થાય કે તરત જ પારસીઓના ડ્રેસમાં, પારસીની જ બોલીમાં ત્રણ બેનો ઉપસ્થિત થાય છે અને નાટક શરૂ થઈ જાય છે. પૂ. માના સત્સંગથી સર્વને કેવો લાભ મળે છે તેના સંવાદો શ્રી જયુ, શ્રી ગાયત્રી, શ્રી બીજલ રજૂ કરે છે. તેમની બોલી ઉપરથી વર્ષોથી પારસી પરિવારમાં જાણે ઉછર્યાં હોય તેમ લાગે છે.



આ તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ શ્રી મયૂરીબેન, ગીતાબેન, વિનોદિનીબેન, સિદ્ધાર્થભાઈ, પ્રીતિબેન, જયુબેન, પ્રિયંકાબેને અથાગ પ્રયાસ કર્યો છે. પૂ. માએ પણ પ્રસન્નવદને પ્રત્યેક કલાકારને રૂા. ૧૦૦/– પ્રસાદસ્વરૂપે ધર્યા ને નાનાં બાળ કલાકારોને તો ચોકલેટના પ્રસાદથી પણ પ્રસન્ન કરી દીધાં. આ જોઈને ઘણાંને એમ થયું કે અમે કાર્યક્રમમાં ભાગ લીધો હોત તો પૂ. માનો કૃપા પ્રસાદ પામત ને!

પૂ. મા સ્લેટપર લખે છે. **'બેંગલોરના શિવમ્‌ને ઓળખો છો? શિવમે હમણાં જ મારુતિ કુરિયરમાં આ પ્રસાદ (ચોક-લેટનો) મોકલ્યો છે.'**

પૂ. મા સૌનો આભાર વ્યક્ત કરતા હોય તેમ સ્લેટપર લખે છે. **'યોગતીર્થના આંગણે જાણે કલાકારો ઉતરી પડ્યા. સહુમાં કંઈક ને કંઈક વિશેષતા છે. એ વિશેષતાને અધ્યાત્મરંગે રંગી-ને સૌ ઝળહશે છે. સ્વર્ગારોહણ જાણે એક જાહેર મંચ છે. ગુજ-રાતના જુદા જુદા વિભાગનાં બાળકો થોડાક જ કલાકમાં પોતે એકબીજા સાથે અહીં રજૂ થાય છે. આ બધું જ શ્રી હરિની કૃપાવિના શક્ય નથી.' —મા.**

ત્રણ દિવસ સુધી ફટાકડા ફોડવાની મજા પણ સૌએ માણી. શ્રી સિદ્ધાર્થભાઈએ સૌને ૧ થી ૮૫ વર્ષના સૌને આ લાભ અપાવ્યો. રાત્રે ૧૧.૩૦ કલાકે પૂ. માનાં પ્રાગટ્ય દિવસની ઉજવણીની પૂર્ણાહુતિ થઈ. પૂ. મા પોતાના ખંડમાં પધારે છે. ભક્તો પણ 'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે' પ્રાર્થના કરી શયન કરે છે. ૦